


Happy राम नवमी

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્રનું અગ્રીમ અખબાર

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય    તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

વર્ષ : ૪૮ અંક : ૧૦૬ જૂનાગઢ તા.૧૭-૦૪-૨૦૨૪ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 48 Volume : 106, Junagadh : Date : 17 April, 2024, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh and Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor, Printer, Publisher & Owner : Abhijeet K. Upadhyay

Post Regn. G/JND/24 (VALID up to 31-12-2026) RNI Regn. No. 27509/67 / Ph. : (0285) 2621000/ 2651800. E-mail : saurashtrabhoomi@gmail.com Website : www.saurashtrabhoomi.com


### રામમંદિર નિર્માણ બાદ પ્રથમવાર રામનવમીની ભવ્ય ઉજવણી

# અયોધ્યામાં પ્રભુ શ્રીરામને સૂર્ય તિલક





અયોધ્યા તા. ૧૭

અયોધ્યામાં રામલલ્લાની પ્રાણપ્રતિષ્ઠા પછી આજે પ્રથમ રામનવમીની ભવ્ય ઉજવણી થઈ રહી છે. આજે બપોરે ૧૨ કલાકે અભિજીત મુહૂર્તમાં ૩ મિનિટ માટે રામલલ્લાનું સૂર્ય તિલક કરવામાં આવ્યું હતું. સૂર્ય તિલકની ઘટના વિજ્ઞાન અને આધ્યાત્મીકતાનાં સહારે શકય બની હતી જેનું જીવંત પ્રસારણ કરવામાં આવ્યું જેનો કરોડો દર્શકોએ લાભ લીધો હતો. મંદિરના દ્વાર સવારે ૩:૩૦ વાગ્યે ખુલ્યા હતા, સામાન્ય દિવસોમાં તે ૬.૩૦ વાગ્યે ખુલે છે. ભક્તો રાત્રે ૧૧.૩૦ વાગ્યા સુધી એટલે કે ૨૦ કલાક સુધી દર્શન કરી શકશે. સવારે કપાટ ખુલ્યા પછી રામલલ્લાનો દૂધથી અભિષેક કરવામાં આવ્યા બાદ શૃંગાર કરવામાં આવ્યો. આ દરમિયાન ભક્તો રામલલ્લાના દર્શન પણ કરતા રહ્યા. ૮ વાગ્યા સુધીમાં ૬ લાખ શ્રદ્ધાળુઓ અયોધ્યા પહોંચી ગયા છે. રામજન્મભૂમિ સંકુલમાં લાંબી લાઈનો લાગી છે. છાયડા માટે હનુમાનગઢીની બહારના માર્ગ પર મંડપ બાંધવામાં આવ્યો હતો. જે હાલ પડી ગયો છે. જેમાં બે મહિલા ભક્તો અને બે મહિલા પોલીસકર્મી ઘાયલ થયા હતા.

રામ પથ, ભક્તિ પથ અને જન્મભૂમિ પથ પર ભારે ભીડ છે. શયન આરતી બાદ રાત્રે ૧૧.૩૦ કલાકે કપાટ બંધ કરવામાં આવશે.

રામલલ્લાના દર્શનને લઈને રામ ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. રામનવમી નિમિત્તે ભક્તો સરયુ નદીમાં શ્રદ્ધાની ડૂબકી લગાવી રહ્યાં છે. રામ નવમી નિમિત્તે બુધવારે વહેલી સવારથી જ ભક્તો રામ મંદિર પહોંચવા લાગ્યા હતા. જેને લઈને પોલીસે પણ ચુસ્ત બંદોબસ્ત ગોઠવ્યો છે.

## આકાશમાંથી અગન વર્ષા : મધ્ય ગુજરાતમાં પારો આજે ૪૩ ડીગ્રીને વટાવી જશે



અમદાવાદ તા. ૧૭

ગુજરાત પર ગત સપ્તાહમાં વેસ્ટન ડિસ્ટર્બન્સને કારણે જે સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું હતું તેની અસર પૂર્ણ થયા બાદ ગુજરાતના તમામ જિલ્લાનું મહત્તમ તાપમાન વધ્યું છે. જેમાં હાલમાં ફરી એક વખત તાપમાનનો પારો ઉંચકાયો છે જે આગામી ૩-૪ દિવસ સુધી રહેશે. ત્યાર બાદ હવામાન વિભાગની આગાહી અનુસાર બે ડિગ્રી જેટલા તાપમાનમાં ઘટાડાની શક્યતાઓ છે.

દેશ-દુનિયા ભરમાં આજે રામનવમીની ધામધૂમથી ઉજવણી થવા જઈ રહી છે. અમદાવાદ સહિત ગુજરાતના વિવિધ જિલ્લામાં પણ રામનવમી નિમિત્તે ભગવાન શ્રીરામની યાત્રા યોજાશે. ત્યારે આજરોજ ઉત્તર ગુજરાત, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લાઓનું મહત્તમ તાપમાન ૪૦થી ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી રહે તેવી શક્યતાઓ છે. જયારે સૌરાષ્ટ્રના કેટલાંક જિલ્લાનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સુધી પહોંચે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. છેલ્લા ૨૪ કલાક દરમિયાન પણ ભાવનગરના મહુવાનું મહત્તમ તાપમાન ૪૩ ડિગ્રી સેલ્સિયસ પહોંચ્યું હતું. જ્યારે અમદાવાદ શહેરમાં આજે તાપમાનનો પારો ૪૨ ડિગ્રી સેલ્સિયસ પહોંચે તેવી શક્યતા જણાઈ રહી છે.

## જરૂરીયાત મુજબની વિમા પોલિસી ખરીદી શકાશે

નવી દિલ્હી,તા.૧૭

ભારતીય વીમા નિયામક અને વિકાસ ઓથોરીટી (ઈરડા)એ બીન જીવન વીમા પોલિસીમાં ઐતિહાસીક ફેરફાર કર્યા છે. જે અંતર્ગત હવે ગ્રાહક વાહન, સંપતિ અને દુર્ઘટના વીમો પોતાની જરૂરીયાત અને સુવિધા મુજબ ખરીદી શકશે.

આ પ્રકારની વીમા પોલિસીઓને નીતિ શબ્દાવલીથી હટાવવામાં આવી છે. નવા નિયમ લાગુ કરી દીધા છે.જોકે થર્ડ પાર્ટી મોટર વીમામાં કોઈ પ્રકારનો ફેરફાર નથી કરાયો.

જાણકારોનું કહેવુ છે કે ઈરડાની આ નવી વ્યવસ્થાથી વીમા ધારકોને ઘણો ફાયદો થશે. ખાસ કરીને વાહન ચાલકોને હાલમાં મોટર (વાહન)વીમા કવરેજ આખા વર્ષનું મળે છે.વાહન ચાલકો પાસે તેને લેવા સિવાય કોઈ વિકલ્પ નથી હોતો. નવી વ્યવસ્થામાં વીમા ગ્રાહક જયારે વાહનનો ઉપયોગ કરશે એ સમયે સમયગાળા માટે વીમા કવર ખરીદી શકશે.

અર્થાત કોઈ વાહન માલીક સપ્તાહના અંત કે મહિનામાં એક વાર જ કારનો ઉપયોગ કરે છે તો તે ઓછી રકમવાળી વીમા પોલીસી ખરીદી શકશે. જેની કિંમત સામાન્ય પોલીસીથી ઓછી હશે.

## દુબઈમાં પડેલા વરસાદે છેલ્લા ૭૫ વર્ષનો રેકોર્ડ તોડયો : સર્વત્ર જળબંબાકાર

દુબઈ તા. ૧૭ : સંયુક્ત આરબ અમીરાતમાં દુબઈ, જે તેના શુષ્ક અને અત્યંત ગરમ તાપમાન માટે જાણીતું છે, ત્યાં ભારે વરસાદને કારણે પૂરથી જળમગ્ન થઇ ગયું હતું. ભારે વરસાદના કારણે દુબઈમાં સામાન્ય જનજીવન ઠપ થઈ ગયું હતું. તે સાથે આ વ્યસ્ત શહેરમાં પૂરની સ્થિતિએ ક્લાઈમેટ ચેન્જની ચિંતા વધારી દીધી છે. ભારે વરસાદને કારણે દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પણ પાણી ભરાઈ ગયું હતું. દુબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ દુનિયાના સૌથી વ્યસ્ત એર હબ તરીકે ઓળખાય છે.યુએઈમાં છેલ્લા ૨૪ કલાકમાં રેકોર્ડ પર સૌથી વધુ વરસાદ પડ્યો છે, અત્યાર સુધીમાં સૌથી વધુ વરસાદ અલ આઈનના ખાતમ અલ શકલા વિસ્તારમાં નોંધાયો છે, જે ૨૪ કલાકથી ઓછા સમયમાં ૨૫૪ મીમી (૧૦ ઈંચ) સુધી પહોંચી ગયો છે.૭૫ વર્ષમાં પહેલી વાર આટલો જોરદાર વરસાદ પડ્યો છે

ભારે વરસાદને કારણે ફલાઈટ ઓપરેશનમાં વિલંબ થયો હતો અથવા ફલાઈટ્સ કેન્સલ થઈ હતી. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં જોઈ શકાય છે કે રનવે સંપૂર્ણ રીતે ડૂબી ગયો છે. એરપોર્ટનું પાર્કિંગ પણ અડધું ડૂબી ગયું છે. એરપોર્ટ તરફ જતા રસ્તાઓ પર પણ પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. દુબઈના શોપિંગ મોલમાં પણ ગોઠણડુબ પાણી ભરાઈ ગયું છે.

### ટીવી-૯ ચેનલનાં ઓપિનિયન પોલ મુજબ

## ભાજપ મોર્ચાને ૩૬૨, વિપક્ષ ઈન્ડીયા ગઠબંધનને ૧૪૯, અન્યને ૩૨ બેઠકો મળશે

નવી દિલ્હી તા. ૧૭

ટીવી-૯ ના ઓપિનિયન પોલ મુજબ ભાજપના એનડીએ મોરચાને ૩૬૨ બેઠક, વિરોધ પક્ષોના ઈન્ડિયા ગઠબંધનને ૧૪૯ બેઠક જયારે અન્યોને ૩૨ બેઠક મળી રહી છે. આ ઓપિનિયન પોલ મુજબ ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો ફરી ભાજપના ફાળે જઈ રહી છે. ઉત્તરાખંડ(૫), હિમાચલ(૪), મધ્યપ્રદેશ(૨૯) ની તમામ બેઠકો ભાજપ - એનડીએ મોરચાને મળી રહી છે. પશ્ચિમ બંગાળની ૪૨ બેઠકોમાંથી ૨૧ એનડીએ મોરચાને અને ૨૦ બેઠકો તૃણમૂલ કોંગ્રેસને મળી રહી છે. ઉત્તર પ્રદેશની ૮૦ બેઠકમાંથી ૬૮ બેઠકો ભાજપના એનડીએ મોરચાને તથા વિરોધ પક્ષના ઈન્ડિયા મોરચાને બાર બેઠક મળી રહી છે. ટીવી-નાઈન ના સર્વે મુજબ દિલ્હીની સાત બેઠકમાંથી ૬ બેઠક એનડીએ મોરચાને અને એક બેઠક ઈન્ડિયા મોરચાને મળી રહી છે. તમિલનાડુમાં ૩૯ બેઠકોમાંથી કોંગ્રેસ સહિતના વિપક્ષોના ઈન્ડિયા મોરચાને ૩૨ બેઠકો જયારે ભાજપના એનડીએ મોરચા ને પાંચ બેઠકો તથા એઆઈએડીએમકેને માત્ર બે બેઠકો મળી રહી છે. કર્ણાટકમાં કુલ ૨૮ બેઠકોમાંથી ભાજપના એનડીએ મોરચાને ૨૩ તથા વિરોધ પક્ષના ઈન્ડિયા મોરચાને પાંચ બેઠકો મળી રહી છે. આંધ્ર પ્રદેશની ૨૫ બેઠકમાંથી વાયએસઆરસીપી ને ૧૩ બેઠકો તથા એનડીએ મોરચાને ૧૨ બેઠકો મળી રહી છે. જમ્મુ કાશ્મીરમાં લોકસભાની પાંચ બેઠકમાંથી એનડીએ મોરચા ને ૨ અને ઈન્ડિયા મોરચાને ત્રણ બેઠક મળી રહી છે.

## આગામી ૨૦ વર્ષમાં ભારતમાં વૃધ્ધોની વસ્તી ત્રણ ગણી વધીને ૩૦ કરોડ થઈ જશે : હોસ્પીટલોનો ખર્ચ ૪૦૦ ગણો વધી જશે

નવી દિલ્હી, તા.૧૭: એક અભ્યાસ અનુસાર, આગામી ૨૦ વર્ષમાં ભારતમાં વૃદ્ધોની વસ્તી ત્રણ ગણી થશે. ત્યારે બે કે તેથી વધુ રોગોથી પીડિત વૃદ્ધ દર્દીઓની સંખ્યા પણ ઘણી વધારે હશે. ડોકટરોએ ચેતવણી આપી છે કે જો હવેથી વૃદ્ધ દર્દીઓના સ્વાસ્થ્ય પર ખર્ચ વધારવામાં નહીં આવે તો સરકારી હોસ્પિટલો પર બોજ વધશે.

દિલ્હીની મૌલાના આઝાદ મેડિકલ કોલેજના ડોકટરો દ્વારા કરવામાં આવેલ આ અભ્યાસ ઈન્ડીયન જર્નલ ઓફ મેડિકલ રિસર્ચમાં પ્રકાશિત થયો છે. લોકનાયક હોસ્પીટલમાં દાખલ એક હજાર વૃદ્ધ દર્દીઓની દવાઓ પરના ખર્ચના વિશ્લેષણના આધારે ડોક્ટરોએ આ રિપોર્ટ તૈયાર કર્યો છે. તેમની દવાઓ પાછળ ૧૦.૮૭ લાખ રૂપિયાનો ખર્ચ થયો છે. તેમને ૧૨૭ ફોર્મ્યુલેશનની ૮,૩૬૬ દવાઓ આપવામાં આવી હતી.

નોંધનીય છે કે એક કરતા વધુ બિમારીના કારણે દાખલ થનારા વળદ્ધ દર્દીઓમાં દવાઓનો ખર્ચ સૌથી વધુ હતો. સરકારી હોસ્પિટલોમાં મોટાભાગની સેવાઓ જેમ કે નર્સિંગ, ડૉક્ટરની સલાહ અને તપાસ મફત છે. આ સ્થિતિ છે જ્યારે સંયુક્ત રાષ્ટ્રના વસ્તી વિભાગે વર્ષ ૨૦૫૦ સુધીમાં ભારતમાં વૃદ્ધોની વસ્તી ૩૦ કરોડથી વધુ થવાનો અંદાજ મૂકયો છે, જે હાલમાં ૧૦ કરોડની આસપાસ છે. અભ્યાસ અનુસાર, રાષ્ટ્રીય સ્તરે મોટી સરકારી હોસ્પીટલોમાં ખર્ચ કરોડોમાં જઈ શકે છે, જે ૨૦ વર્ષમાં લગભગ ૪૦૦ ગણો વધી શકે છે.

## દેશનું યુવાધન નશામાં બરબાદ : ૧૦થી ૨૪ વર્ષની વયજૂથનાં ત્રણમાંથી એક વ્યસની

નવી દિલ્હી,તા.૧૭

દેશમાં ૧૦ થી ૨૪ વર્ષના યુવાનો કિશોરો,દારૂ, તમાકુ અને ભાંગ જેવા નશાની ચુંગાલમાં ફસાઈ રહ્યા છે.

આ ચોંકાવનારો ખુલાસો ૧૫ રાજયોમાં ૧૬૩૦ યુવાનો પર થયેલા સર્વે બાદ થયો છે. તેમાં એક તૃતિયાંશ યુવાનો નશાનાં વ્યસની થઈ ચુકયા છે. આ અધ્યયનમાં ઉકત રાજયોનાં એમ્સ સહીત અનેક હોસ્પિટલ શામેલ છે.

સંશોધન મુજબ ૧૬૩૦ માંથી ૩૨.૮ યુવાનો નશાની ચૂંગાલમાં ફસાઈ ગયા છે. નશા કરનારાઓમાં નિમ્ન આવકવાળા વર્ગનાં બાળકોની સંખ્યા વધુ છે. ૭૫ ટકા અર્થાત ત્રણ ચર્તુથાંશ યુવાનો એવા હતા જે કિશોરાવસ્થા અર્થાત ૧૮ વર્ષની વયથી જ નશો શરૂ કરી રહ્યા હતા. ૨૬.૪ ટકા યુવાનોએ તમાકુ ઉત્પાદનોના સેવનની વાત સ્વીકારી હતી અને ૨૬.૧ ટકાએ દારૂના સેવનની વાત સ્વીકારી હતી.જયારે ૯.૫ ટકા યુવકોએ ભાંગ લેવાની વાત કરી હતી.

## પ્રથમ તબક્કાની ચૂંટણીમાં આજે સાંજે પ્રચાર પડઘમનો અંત : ૧૯ એપ્રિલે ૧૦૨ બેઠકો પર મતદાન

નવીદિલ્હી તા. ૧૭

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના પ્રથમ તબક્કાનો પ્રચાર આજે સાંજે પાંચ વાગ્યે સમાપ્ત થશે અને આવતીકાલે ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન યોજાશે.

પ્રથમ તબક્કામાં આવતીકાલે ૧૯ એપ્રિલે ૨૧ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોની ૧૦૨ બેઠકો પર મતદાન થવાનું છે. તમિલનાડુની તમામ ૩૯ બેઠકો પર પ્રથમ તબક્કામાં મતદાન થવાનું છે.

પ્રથમ તબક્કામાં ઉત્તર પ્રદેશની આઠ, ઉત્તરાખંડની પાંચ અને પશ્ચિમ બંગાળની ત્રણ લોકસભા બેઠકો પર મતદાન થશે. રાજસ્થાનની ૧૨ બેઠકો પર પહેલા તબક્કામાં મતદાન થવાનું છે. પ્રથમ તબક્કામાં કાલે અરુણાચલ પ્રદેશની બે લોકસભા અને આસામની પાંચ લોકસભા બેઠકો પર મતદાન થવાનું છે.

પ્રથમ તબક્કામાં બિહારની ચાર, છત્તીસગઢની એક, મધ્યપ્રદેશની ૬, મહારાષ્ટ્રની પાંચ અને મણિપુરની બે લોકસભા બેઠકો પર મતદાન થશે.

કાલે પ્રથમ તબક્કામાં મેઘાલય, મિઝોરમ, નાગાલેન્ડ, ત્રિપુરા, સિક્કિમ, જમ્મુ અને કાશ્મીર, લક્ષદ્વીપ, આંદામાન નિકોબાર અને પુડુચેરીમાં બે-બે બેઠકો પર મતદાન થશે.

## ૨૦૪૦ સુધીમાં સ્તન કેન્સરથી ૧૦ લાખ મહિલાઓનાં મોત થશે

નવી દિલ્હી તા. ૧૭

વિશ્વભરમાં સ્તન કેન્સરનું પ્રમાણ અત્યંત ચિંતાજનક હદે વધી રહ્યું છે. લેન્સેટ કમિશનના રિસર્ચ અનુસાર ૨૦૪૦ સુધીમાં સ્તન કેન્સરથી ૧૦ લાખ લોકોના મૃત્યુ થશે. ૨૦૨૦ સુધીના પાંચ વર્ષમાં ૭૮ લાખ મહિલાને સ્તન કેન્સર હોવાનું નિદાન થયું હતું અને લગભગ ૬,૮૫,૦૦૦ મહિલા એ જ વર્ષ આ રોગથી મૃત્યુ પામી હતી.

રિસર્ચના જણાવ્યા અનુસાર વિશ્વમાં ૨૦૨૦માં દર ૧૨ મહિલાએ એક મહિલાને ૭૫ વર્ષ પહેલાં સ્તન કેન્સર થવાની શકયતા હતી અને આ પ્રમાણ વધી રહ્યું છે. લેન્સેટ કમિશનના જણાવ્યા અનુસાર સ્તન કેન્સરના કેસ ૨૦૨૦ના ૨૩ લાખથી વધીને ૨૦૪૦માં ૩૦ લાખ થવાનો અંદાજ છે.


ડો. રશ્મિ પી. બાલચંદાણી
Mo. 74859 53500    B.A.M.S.
મંગળ-બુધ-ગુરૂવારે : સવારે ૧૦થી ૧૨-૩૦
શુક્ર-શનિ-સોમવારે : સવારે ૧૦થી ૧૨-૩૦ ● સાંજે ૫ થી ૭-૦૦
ઘુંટણના, વા ના, સાંધાના તમામ દુઃખાવા અને પાચનની તકલીફ – પિત (એસીડીટી) કબજીયાત, ગેસની તકલીફો ચામડીના રોગો, પંચકર્મ દ્વારા સારવાર
ભગંદર, હરસ-મસા, ફિશર
સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : શુક્રવાર તથા શનિવારે
રાજકોટ : સોમવાર થી ગુરૂવાર
ફકત એપોઈન્ટમેન્ટ થી મળશે.
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital  e_mail : aum.ayurved.hospital@gmail.com

અમારા માનવંતા ગ્રાહકોને રામનવમીની હાર્દિક શુભકામના...
બાબુભાઈ મો. ૭૪૩૩૮ ૦૩૫૩૫
સંદિપભાઈ મો. ૯૪૨૬૮ ૩૩૮૧૧
મીઠાઈઓની મીઠાશ...એટલે...
મુરલીધર ડેરી ફાર્મ



અંબા આર્કેડ, એમ.જી. રોડ, જેનીલી શોપીંગ સેન્ટરની પાસે, જૂનાગઢ

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો



તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...


Since 1983
શંખ મસાલા
ગાયત્રી મસાલા
મો. : ૯૪૨૮૬ ૨૩૦૨૩
• મરચું
• હળદર
• ધાણાજીરૂ
• ગરમ મસાલો



### એક એવી પાઠશાળા જેમાં વિદ્યાર્થીઓ લોકશાહીના મૂલ્યો અને પદ્ધતિને કરે છે આત્મસાત

# એક મતદાન મથક પર હોય તેમ.... વિદ્યાર્થીઓ જ પ્રિસાઈડિંગ, પોલિંગ ઓફિસર સુરક્ષાકર્મીની ફરજ બજાવે : વિદ્યાર્થીઓ જ બેલેટ અને ઈવીએમ મોબાઈલ એપ મારફત કરે મતદાન

**શાળામાં હુબહુ મતદાન મથક જેવી વ્યવસ્થા ગોઠવવાની સાથે મતપેટી, મતપત્ર મતકુટીર પણ તૈયાર કરવામાં આવે છે : વિદ્યાર્થીઓ વાલી-પરિવારજનોને પણ મતદાન કરવા માટે કરે છે પ્રેરિત : જૂનાગઢ જિલ્લામાં ૪૮૫ જેટલી પ્રાથમિક શાળામાં ચુનાવ કી પાઠશાળા એવમ બાળ સંસદ યોજાઈ**










(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

ચૂંટણીને લોકશાહીનો આધાર સ્તંભ ગણવામાં આવે છે, ચૂંટણી દ્વારા નાગરિકો પોતાના જનપ્રતિનિધિઓને શાસન કરવાની સત્તા સોંપે છે. ત્યારે દેશનું ભવિષ્ય છે તેવા વિદ્યાર્થીઓ લોકશાહીના મૂલ્યો અને પદ્ધતિ આત્મસાત કરે તે માટે જૂનાગઢ જિલ્લામાં રચનાત્મક અભિગમ સાથે જિલ્લાની પ્રાથમિક શાળામાં ચુનાવ કી પાઠશાળા એવમ બાળ સંસદનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જૂનાગઢ જિલ્લાની ૪૮૫ જેટલી પ્રાથમિક શાળામાં ચુનાવ કી પાઠશાળા એવમ બાળ સંસદ યોજાઈ ચૂકી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શનમાં લોકશાહીના મહાપર્વમાં દરેક મતદારો મતદાન કરી સહભાગી બને તે માટે SWEEP અંતર્ગત જાગૃતિ અભિયાન ચાલી રહ્યું છે. તેમ જણાવતા SWEEPના નોડલ અધિકારી લતાબેન ઉપાધ્યાય જણાવે છે કે, દેશની ભાવી પેઢી એવા વિદ્યાર્થીઓ લોકશાહી શાસન પ્રણાલી અને ચૂંટણી પ્રક્રિયાથી સુપેરે અવગત થાય તે માટે ચુનાવ કી પાઠશાળા એવમ બાળ સંસદ જિલ્લાની પ્રાથમિક શાળામાં યોજવામાં આવી રહી છે. જેમાં હૂબહૂ રીતે વિદ્યાર્થીઓ દ્વારા એક મતદાન મથક તૈયાર અને ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ ચુનાવ કી પાઠશાળામાં વિદ્યાર્થીઓમાંથી જ મતદાન મથક ઉપરના જુદા જુદા અધિકારીઓ એટલે કે પ્રિસાઈડિંગ, પોલિંગ-૧ અને પોલિંગ ઓફિસર બને છે. ઉપરાંત જેમ કોઈ મતદાન મથક પર સુરક્ષાકર્મીઓ, એજન્ટ વગેરે હોય છે. તેમ શાળાના વિદ્યાર્થીઓ ચૂંટણી ફરજ ઉપરના અધિકારી -કર્મચારીની ભૂમિકા ભજવે છે. પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ જ મતદાતા બને છે, મતદાતાઓની એક મતદાન મથક બહાર જેમ કતાર હોય તેમ વિદ્યાર્થીઓ મતદાન કરવા માટે એક કતારમાં ઉભા રહે છે. સુરક્ષાકર્મીઓ જરૂરી તપાસણી કર્યા બાદ મતદારોને મતદાન મથક અંદર પ્રવેશ આપે છે. ત્યારબાદ મતદાન કરવા માટેની અન્ય જરૂરી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે. મતદાન કર્યાનુ આંગળી ઉપર બ્યુ ટીક પણ કરવામા આવે છે. ચુનાવ કી પાઠશાળામાં મતદાન માટે શિક્ષકોની મદદથી વિદ્યાર્થીઓએ મત કુટીર, મત પેટી અને મત પત્ર બનાવી, મતદાનની પ્રક્રિયા કરવામાં આવે છે. તો જિલ્લાની કેટલીક શાળાઓમાં મતદાન માટે મોબાઈલમાં ઈવીએમ મશીનની એપ્લિકેશન આધારે મતદાન માટેની પ્રક્રિયા કરવામાં આવી હતી. લતાબેન ઉપાધ્યાય કહે છે કે, ચુનાવ કી પાઠશાળા હેઠળની આ મતદાનની પ્રક્રિયા દરમ્યાન વિદ્યાર્થીઓના વાલીઓ અને ગ્રામ અગ્રણીઓ પણ ઉપસ્થિત રહે છે, જેથી વાલીઓ પણ મતદાન કરવા માટે પ્રેરાય છે. સાથે જ વિદ્યાર્થીઓ પણ પોતાના ઘરે પરિવારના સૌ સભ્યોને ચુનાવ કી પાઠશાળા વિશે જાણકારી આપે છે અને અચૂક મતદાન કરવા માટે પણ જણાવે છે. આમ, અવશ્ય મતદાન કરવા માટેનો સંદેશ વ્યાપક રીતે જન-જન સુધી પહોંચે છે.

**ખાસ અહેવાલ : રોહિત ઉસદડ**

## જૂનાગઢ લોકસભા બેઠકના ભાજપ ઉમેદવાર રાજેશ ચુડાસમાની સંપતીની વિગતો જાહેર : ૫ વર્ષમાં રૂા. ૧.૯૧ કરોડનો વધારો થયો



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ સહિત દેશભરમાં આગામી લોકસભાની ચૂંટણી તેમજ ગુજરાત સહિતના વિસ્તારોમાં વિધાનસભાની પેટા ચૂંટણી અંગેની પ્રક્રિયા જોરશોરથી શરૂ થઈ છે. ચૂંટણી પંચની માર્ગદર્શીકા અનુસાર ચૂંટણી લડવા માંગતા ઉમેદવારે પોતાની વિગતો એફીડેવીડ કરીને ઉમેદવારી ફોર્મ ભરતી વખતે જાહેર કરવી જોઈએ અને આ સુચના અનુસાર સંપતી સહિતના આંકડા જે તે ઉમેદવારના જાહેર થતા હોય છે. દરમ્યાન ગઈકાલે જૂનાગઢ લોકસભાની બેઠકના ભાજપના ઉમેદવાર રાજેશ ચુડાસમાએ પોતાનું ઉમેદવારી પત્રક ભર્યું હતું અને આ સાથે જ ભરેલા ફોર્મમાં મિલ્કત સહિતની વિગતો દર્શાવવામાં આવી હતી. જે અંગેની મળતી માહિતી અનુસાર, તેમની આવકમાં છેલ્લા ૫ વર્ષમાં ૧.૯૧ કરોડનો વધારો થયો છે. રાજેશ ચુડાસમાને ભાજપે ત્રીજી વખત ચૂંટણી લડવાનો મોકો આપ્યો છે. તેમણે ૨૦૧૪ અને ૨૦૧૯માં જીત મેળવી હતી. હવે તેને ૨૦૨૪ માટે ફરી પસંદ કરાયા છે. વર્ષ ૨૦૧૪માં રાજેશ ચુડાસમા પાસે ૪૭,૨૫,૦૨૩ની જંગમ મિલ્કત હતી જયારે ૬૦,૦૦,૦૦૦ની સ્થાવર મિલ્કત હતી. આમ કુલ મિલ્કત ૧,૦૭,૨૫,૦૨૩ રહેવા પામી હતી. દરમ્યાન વર્ષ ૨૦૨૪માં તેમણે પોતાનું ઉમેદવારી પત્રક ભર્યું છે. ઉમેદવારી પત્રકમાં જણાવ્યા મુજબ તેમની જંગમ મિલ્કત ૧,૧૧,૦૮,૮૮૪ અને સ્થાવર મિલ્કત ૧,૮૮,૦૦,૦૦૦ દર્શાવાઈ છે. આમ કુલ મિલ્કત ૨,૯૯,૦૮,૮૮૪ થઈ છે. એટલે કે છેલ્લા ૫ વર્ષમાં સાંસદની આવકમાં ૧,૯૧,૮૩,૮૬૧નો વધારો થયો છે.

**અન્ય જાહેર થયેલી વિગતો**

છેલ્લા નાણાંકિય વર્ષની આવક ૧૮,૯૪,૯૫૦, હાથ ઉપર રોકડા ૧,૮૦,૦૯૯, અલગ-અલગ બેંક ખાતામાં કુલ ૩૬,૮૮,૭૮૫, એલઆઈસીની પોલીસી ૧૫,૦૦,૦૦૦, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ પોલીસી ૪૦,૦૦,૦૦૦, આપેલ લોન ૮૫,૦૦૦, ઈનોવા કાર ૧૧,૦૦,૦૦૦, ટ્રક ૪,૦૦,૦૦૦, એકિટવા સ્કુટર ૩૫,૦૦૦, સોનુ ૨૦ ગ્રામ કિંમત ૧,૨૦,૦૦૦ આમ કુલ જંગમ મિલ્કત ૧,૧૧,૦૮,૮૮૪ દર્શાવાઈ છે.

વારસાગત મિલ્કત હિસ્સો ૭૨,૦૦,૦૦૦, બીનખેતી જમીન ૯૨,૦૦,૦૦૦, મકાન ૨૪,૦૦,૦૦૦ આમ કુલ સ્થાવર મિલ્કત ૧,૮૮,૦૦,૦૦૦ દર્શાવાઈ છે. કુલ દેણું ૯,૮૯,૦૪૩ દર્શાવાયું છે. પત્ની રેખાબેનની છેલ્લા નાણાંકીય વર્ષની આવક ૬,૦૩,૪૭૦, હાથ ઉપર રોકડા ૮૦,૦૦૦, બેંક ખાતામાં ૨૩,૯૨૮, સોનુ ૪૦ ગ્રામ કિંમત ૨,૪૦,૦૦૦ કુલ જંગમ મિલ્કત ૩,૪૩,૯૨૮, સ્થાવર મિલ્કત ૩૨,૦૦,૦૦૦. રાજેશ ચુડાસમા વિરૂધ્ધ વેરાવળ કોર્ટમાં ડો. અતુલ ચગ મામલે આઈપીસી ૩૦૬-૫૦૬(૨)-૧૧૪ અંતર્ગત ફોજદારી કેસ પેન્ડીંગ છે.

## મેંદરડા પંથકમાં તસ્કરોનો તરખાટ : બે સ્થળોએ ચોરી


(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) મેંદરડા તા.૧૭

મેંદરડા પંથકમાં તસ્કરોએ તરખાટ મચાવ્યો છે અને બે સ્થળોએ ચોરીના બનાવ બનવા પામેલ છે. આ બનાવ અંગે મેંદરડા પોલીસે આપેલી વિગત અનુસાર, સમઢીયાળા રોજીરાણ સીમ વિસ્તારમાં આવેલ વાડીમાંથી ચોરી થઈ છે જે અંગે પોલીસમાં ફરિયાદ નોંધાયેલ છે. જેમાં ફરિયાદી ભનુભાઈ ભીમાભાઈ કટારીયા(ઉ.વ.૫૬) રહે.ગણેશનગર ગીરનાર દરવાજા જૂનાગઢ વાળાએ અજાણ્યા શખ્સ વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના કોઈ અજાણ્યા ઈસમે ગઈ તા.૧૩-૪-૨૦૨૪ના ક. ૧૧ વાગ્યાથી તા.૧૫-૪-૨૦૨૪ના ક. ૧૪:૧૫ વાગ્યા દરમ્યાન ફરિયાદીની વાડીએ આવેલ ગોડાઉનનું તાળુ તોડી તેમાં રાખેલ ઈલેકટ્રીક બાઈક ટુનવાલ કંપનીની મરૂન કલરની ઈ-બાઈક કિ.રૂા.૨૦,૦૦૦ તથા અનાજ દળવાની ઘરઘંટી કિ.રૂા.૧૦,૦૦૦ની તથા ગેસનો બાટલો કિ.રૂા.૯૦૦ તથા ઈલેકટ્રીક ટેબલ પંખો કિ.રૂા.૨૧૦૦ તથા મોટી (હાંડી) પાણીની મોટર કિ.રૂા.૧૦,૦૦૦ તથા નાની પાણીની સિંગલ ફેઝ મોટર કિ.રૂા.૩૦૦૦ની તથા ઈલેકટ્રીક સગડી કિ.રૂા.૨૦૦૦ આમ કુલ મળી કિ.રૂા.૪૮,૦૦૦ની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવેલ છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. જયારે ચોરીનો અન્ય એક બનાવ મેંદરડાથી રાજેસર ગામ તરફ જવાના માર્ગે આવેલી વાડીમાં બનવા પામેલ છે. જે અંગે સમઢીયાળા ગામના જયોતીષભાઈ છગનભાઈ રાજાણી (ઉ.વ.૬૫)એ પોલીસમાં એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના કોઈ અજાણ્યા ઈસમે ગઈ તા.૨૧-૩-૨૦૨૪ના ક.૧૪ વાગ્યાથી તા.૨૨-૩-૨૪ના ક.૮ વાગ્યા દરમ્યાન ફરિયાદીની ખુલ્લી વાડીએ રાખેલ સોયાબીનનો ઢગલો આશરે એકાદ ખાંડીનો(વિસ મણ) કિ.રૂા.૨૦,૦૦૦ તથા ઘઉંના બાચકા નંગ-૫(૫ મણ) કિ.રૂા.૩,૦૦૦ના તથા મકાનની ઉપર રાખેલ રાઉટર કિ.રૂા.૧૦૦૦ તથા ઈલેકટ્રીક વજન કાંટો કિ.રૂા.૫૦૦૦ આમ કુલ કિ.રૂા.૨૯,૦૦૦ની ચોરી કરી લઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા મેંદરડા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ડાયમંડ બોર્સમાં ૯ ટાવર છે, જેમાં ૪૨૦૦ ઓફિસો છે

# સુરતના ડાયમંડ બોર્સને લોકો ભૂતિયા બિલ્ડીંગ કહેવા લાગ્યા

**સુરત શહેરના ખાજોદ વિસ્તારમાં સરકારના ડ્રીમ સિટી પ્રોજેક્ટ હેઠળ સુરત ડાયમંડ બોર્સ બિલ્ડિંગ બનાવવામાં આવ્યું છે**



સુરત, તા.૧૭

એક સમય હતો જયારે અમેરિકાની પેન્ટાગોન બિલ્ડીંગ વિશ્વની સૌથી મોટી ઈમારતનું બિરુદ ધરાવતું હતું. પરંતુ, હવે આ ટાઈટલ સુરત ડાયમંડ બોર્સમાં આવી ગયું છે. આ ઈમારતનું ઉદ્ઘાટન દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ લગભગ અઢી મહિના પહેલા કર્યું હતું. જો કે હવે લોકો આ ઈમારતને ભૂતિયા કહેવા લાગ્યા છે.વાસ્તવમાં, આ બિલ્ડિંગમાં ૪૨૦૦ ઓફિસો છે, જે કોઈ કારણોસર હજુ સુધી શરૂ થઈ નથી. આ જ કારણ છે કે લોકો તેને ભૂતિયા બિલ્ડીંગ કહેવા લાગ્યા છે. જો કે, સુરત ડાયમંડ બોર્સનું મેનેજમેન્ટ આ વાતને નકારી રહ્યું છે અને કહી રહ્યું છે કે બિલ્ડિંગ શરૂ થાય તે માટે તમામ શક્ય પ્રયાસો કરી રહ્યાં છે.સુરત શહેરના ખાજોદ વિસ્તારમાં સરકારના ડ્રીમ સિટી પ્રોજેક્ટમાં સુરત ડાયમંડ બોર્સ બિલ્ડીંગ બનાવવામાં આવી છે. સુરત ડાયમંડ બોર્સમાં ૯ ટાવર છે, જેમાં ૪૨૦૦ ઓફિસો છે. આ સુરત ડાયમંડ બોર્સ બનાવવા માટે સુરત અને મુંબઈના હીરાના વેપારીઓએ એડવાન્સ બુકિંગ કરાવ્યું હતું. આ પછી અહીં બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું.વિશ્વની સૌથી મોટી ઈમારત, સુરત ડાયમંડ બોર્સ, લગભગ રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે બનાવવામાં આવી હતી. આ ઈમારત તૈયાર કરતી વખતે ભારતીય વાસ્તુશાસ્ત્રને પણ ધ્યાનમાં રાખવામાં આવ્યું હતું. અહીં બનેલા ૯ ટાવરમાંથી દરેક ટાવરમાં ૧૩મો માળ ખાલી રાખવામાં આવ્યો છે, કારણ કે ૧૩મો માળ અશુભ માનવામાં આવે છે.આટલું કરવા છતાં વિશ્વની સૌથી મોટી બિલ્ડીંગ સુરત ડાયમંડ બોર્સમાં એડવાન્સ બુકિંગ કરાવનારા હીરાના વેપારીઓ હજુ સુધી પોતાની ઓફિસ શરૂ કરી શક્યા નથી. સ્થિતિ એવી છે કે ૪૨૦૦ ઓફિસોમાંથી માત્ર ચારથી પાંચ ઓફિસ જ શરૂ થઈ છે. જ્યારે આ બિલ્ડીંગ પૂર્ણ થયું ત્યારે કિરણ એકસપોર્ટના નામથી હીરાનો ધંધો કરતા વલ્લભભાઈ લાખાણી આ બિલ્ડિંગના મેનેજમેન્ટના ચેરમેન હતા. તેનો મુંબઈમાં હીરાનો ધંધો હતો.આ બિલ્ડીંગના ચેરમેન હોવાથી તેણે પહેલું કામ મુંબઈથી પોતાનો બિઝનેસ સમેટીને સુરત આવવાનું કર્યું. પરંતુ, અહીં નિષ્ફળતા જોઈને હીરા ઉદ્યોગપતિ વલ્લભભાઈ લાખાણીએ સુરત ડાયમંડ બોર્સમાં આવેલી તેમની ઓફિસને તાળું મારીને ફરીથી મુંબઈ શિફટ થઈ ગયા છે અને સુરત ડાયમંડ બોર્સના ચેરમેન પદેથી પણ રાજીનામું આપી દીધું છે.સુરત ડાયમંડ બોર્સની નવી કમિટીના ચેરમેન તરીકે લાલજીભાઈ પટેલ આવ્યા છે. તે ધર્મનંદન ડાયમંડના નામથી હીરાનો ધંધો કરે છે. સુરત ડાયમંડ બોર્સની નિષ્ફળતાને કારણે હવે તેને ભૂતિયા બિલ્ડીંગ કહેવામાં આવી રહી છે, જેના વિશે આજ તકે તેમની સાથે વાત કરી હતી.લાલજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, સુરત ડાયમંડ બોર્સમાં મેનેજમેન્ટ કમિટી બદલાતી રહે છે. અગાઉ વલ્લભભાઈ લાખાણી પ્રમુખ હતા હવે નવી સમિતિની રચના કરવામાં આવી છે. વલ્લભભાઈ લાખાણીએ સુરતમાં હીરાનો ધંધો બંધ કરીને ફરી મુંબઈ શિફટ થઈ ગયા છે. લાલજીભાઈએ જણાવ્યું કે સુરત ડાયમંડ બોર્સ શરૂ કરવા તેઓ શહેરના મહિધરપુરા અને મિની બજાર ડાયમંડ માર્કેટમાં હીરાના વેપારીઓ સાથે બેઠક કરી રહ્યા છે.

## જૂનાગઢ : ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યાનો બનાવ બનવા પામેલ છે. જે અંગે મળતી વિગત અનુસાર, મુળ છોટા ઉદેપુર જીલ્લાના અને હાલ ભેસાણ ચોકડી પાસે આવેલ લક્ષ્મી ઓઈલ મીલના કારખાનામાં છેલ્લા પાંચ મહિનાથી રહેતા શારદાબેન કેશુભાઈ રાઠવા(ઉ.વ.૨૦)એ કારખાનામાં આવેલ ઓરડી નં-૩માં કોઈ અગમ્ય કારણસર લોખંડની આડીના ભાગે દોરી બાંધી ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. જૂનાગઢ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## જૂનાગઢ લોકસભાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના પાંચમાં દિવસે ૩ પક્ષના કુલ ૫ ફોર્મ ભરાયા

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ લોકસભાની ચૂંટણી માટે ઉમેદવારી પત્રક ભરવા માટેના અંતિમ દિવસ ૧૯ એપ્રિલ છે. દરમ્યાન ગઈકાલે વધુ પાંચ ફોર્મ ભરવામાં આવ્યા છે. આ અંગેની મળતી વિગત અનુસાર, જૂનાગઢમાં લોકસભાની ચૂંટણીમાં ફોર્મ ભરવાના પાંચમાં દિવસે કુલ ૫ ફોર્મ ભરાયા છે. આમાં ભાજપના ૩ તેમજ લોગો પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીના ૧-૧ ફોર્મ ભરાયા છે. જ્યારે મંગળવારે વધુ ૧૧ ફોર્મ ઉપડવા સાથે કુલ ઉપડેલા ફોર્મની સંખ્યા ૫૧ એ પહોંચી છે. આ અંગે નિવાસી અધિક કલેકટર એન.એફ. ચૌધરીએ જણાવ્યું હતું કે, ૧૨ એપ્રિલથી ફોર્મ ભરવાનું શરૂ કરાયું હતું. ૧૨ એપ્રિલે ભાજપના ૧૦, કોંગ્રેસના ૮, લોગ પાર્ટીના ૫, બહુજન સમાજ પાર્ટીના ૫,સત્યવાદી રક્ષક પાર્ટીના ૨ અને અપક્ષના ૨ મળી કુલ ૩૨ ફોર્મ ઉપડયા હતા. જ્યારે ૧૫ એપ્રિલે સોમવારે ૮ ફોર્મ ઉપડ્યા હતા અને આ તમામ ફોર્મ અપક્ષે ઉપાડ્યા હતા. જેને લઈને ઉપડેલા ફોર્મની સંખ્યા ૪૦ થઈ હતી.જયારે ૧૬ એપ્રિલ મંગળવારે વધુ ૧૧ ફોર્મ ઉપડયા હતા. આમાં અપક્ષના ૬, કોંગ્રેસના ૧, લોગ પાર્ટીના ૨ અને રાઈટ ટુ રિકોલ પાર્ટીના ૨ ફોર્મનો સમાવેશ થાય છે. આમ, અત્યાર સુધીમાં કુલ ૫૧ ફોર્મ ઉપડ્યા હતા. દરમિયાન મંગળવારે કુલ ૫ ફોર્મ ભરાયા હતા. આમાં ભાજપના ૩, લોગ પાર્ટીનું ૧ અને બહુજન સમાજ પાર્ટીનું ૧ ફોર્મ ભરાયું છે. ભાજપમાં ઉમેદવાર રાજેશ ચુડાસમાના નામે ૨ ફોર્મ ભરાયા છે. જ્યારે ડમી તરીકે ૧ ફોર્મ ભાજપના કોર્પોરેટર ભાવનાબેન હિરપરાએ ભર્યું છે. જ્યારે લોગ પાર્ટીમાંથી અલ્પેશ ત્રાંબડીયાએ અને બહુજન સમાજ પાર્ટીમાંથી જયંતિલાલ માંકડિયાએ ફોર્મ ભર્યું છે.

## જૂનાગઢમાં જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગે પોલીસ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢમાં જાનથી મારી નાખવાની ધમકી આપવા અંગેનો એક બનાવ પોલીસ દફતરે નોંધાયો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર, ફરિયાદી અલ્ફેઝ અબાસહીદ શેખ(ઉ.વ.૨૦) (રહે.દાણાપીઠ, મહાલક્ષ્મી મંદિરની બાજુમાં, જૂનાગઢ)એ એક ચશ્મા વાળા ઈસમ એકસેસ જેવી મોટરસાઈકલ લઈને આવેલ તેની સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરિયાદી પોતાની રીક્ષા લઈ રેલ્વે સ્ટેશન ખાતેથી ઉપરકોટ તરફ જતો હોય આ વખતે ચીતાખાના ચોકે પહોંચતા એક ચશ્મા વાળો ઈસમ એકસેસ જેવી મોટરસાઈકલ લઈને આવેલ જેનું નામ સરનામું કે મોટરસાઈકલ નંબર પોતાને યાદ નથી પરંતુ પોતે જોયેથી તેને ઓળખી શકે તે કોઈ પણ કારણ વગર પોતાને મન થાય તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી માનસીક ત્રાસ આપી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## માણાવદર તાલુકાના ઈલાસરી ધાર ગામે ગળાફાંસો ખાઈ યુવાનનું મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૭

માણાવદર તાલુકાના ઈલાસરી ધાર ખાતે રહેતા રાહુલભાઈ એભાભાઈ સોલંકી(ઉ.વ.૨૦)ને કેશોદ તાલુકાના અજાબ ગામે એક યુવતી સાથે પ્રેમ સંબંધ હોય પરંતુ તે યુવતી પરણીત હોય અને સંતાન પણ હોય જેથી તેની સાથે લગ્ન થઈ શકે તેમ ન હોય જેથી તેને લાગી આવતા પોતાની મેળે ચુંદડી વડે ગળાફાંસો ખાઈ લેતા રાહુલભાઈનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે માણાવદર પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ધામ દ્વારા શ્રી રામનવમી ઉત્સવની ઉજવણી




જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢના જવાહર રોડ ઉપર આવેલા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ધામ દ્વારા શ્રી રામનવમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. ભગવાન સ્વામિનારાયણના સ્વહસ્તે પધરાવાયેલા સિધ્ધેશ્વર મહાદેવ સહિતના દેવો જયા ભકતજનોની મનોકામના પૂર્ણ કરે છે અને હરીભકતોની આસ્થાના કેન્દ્ર એવા શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ધામ ખાતે આજે ચૈત્ર સુદ નોમ શ્રી રામનવમી ઉત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે બપોરના ૧૨ કલાકે શ્રી રામજન્મોત્સવ આરતીનો કાર્યક્રમ ભાવપૂર્વક યોજવામાં આવેલ છે તેમજ રાત્રીના ૧૦:૧૦ કલાકે શ્રી ઘનશ્યામ જન્મોત્સવની ઉજવણી અંતર્ગત આરતી સહિતના કાર્યક્રમો યોજવામાં આવશે. શ્રી રાધારમણદેવ વહીવટી સમિતિ જૂનાગઢ વતી ચેરમેન પ.પૂ.કોઠારી સ્વામિ પુરૂષોત્તમ પ્રકાશદાસજી (પી.પી. સ્વામિ) તથા પ.પૂ.મહંત શાસ્ત્રી સ્વામિ પ્રેમસ્વરૂપદાસજીના માર્ગદર્શન હેઠળ રામનવમી ઉત્સવ અને શ્રી ઘનશ્યામ જન્મોત્સવ નિમિત્તે આરતી સહિતના કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે તેમ પ્રફુલભાઈ કાપડીયાની યાદીમાં જણાવેલ છે.

**શ્રી હરીકથાનો આજથી શુભારંભ**

શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર જૂનાગઢ ધામ દ્વારા આયોજીત શ્રી ગુણાતીતધામ ખાતે આજ તા.૧૭/૪/૨૦૨૪ બુધવારથી શ્રી હરીકથાનો શુભારંભ કરવામાં આવેલ છે. માર્ગદર્શક સ.ગુ.કો. સ્વામિ દેવનંદાસજી રહ્યા છે. જયારે વકતા તરીકે પ.પૂ.બ્રહ્મ શાસ્ત્રી સ્વામિ શ્રી સરજુદાસાનંદજી દ્વારકા વાળા રહ્યા છે. કથાનો સમય સવારે ૬ થી ૭ અને સાંજે ૬ થી ૭ રાખવામાં આવેલ છે. શ્રી રાધારમણદેવના પવીત્ર સાનિધ્યમાં યોજાય રહેલ શ્રી હરીકથાનો લાભ ભાવિકો લઈ રહ્યા છે.

# ગીરનાર અંબાજી માતાજીનાં મંદિરે ચૈત્રી નવરાત્રી પર્વે આઠમનો હવન કરાયો





(તસ્વીર : વિજય ત્રિવેદી)

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢ ગિરિવર ગિરનારની ટોચ ઉપર બિરાજમાન જગતજનની મા અંબાના મંદિરમાં માતાજીના પાવન ચૈત્રી નવરાત્રી નોરતાની હવન અષ્ટમીના દિવસે માતાજી સન્મુખ યજ્ઞનું આયોજન કરાયું હતું અને બપોરે ૧૨:૦૦ વાગે બીડુ હોમવામાં આવ્યું હતું અને ઉપસ્થિત ભાવિકોને મહાપ્રસાદ લીધો હતો. આ ધર્મ કાર્યમાં મંદિરના મહંત તનસુખગીરીબાપુની નિશ્રામાં આ નવરાત્રીનો હવન ધામધૂમથી ઉજવાયો હતો જેમાં હજારો માય ભક્તોએ માતાજીના દર્શન અને હવનના દર્શનનો લાભ લીધો હતો અને મહાપ્રસાદ લીધો હતો. આ સાથે ચૈતરી નવરાત્રીની પુજારીઓ અને ભાવિકો દ્વારા અનુષ્ઠાનની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

# શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા શ્રી લીંબોચ માનો હવન-મહાપ્રસાદ યોજાયા





જૂનાગઢ, તા.૨૪

જૂનાગઢ જગન્નાથજી મંદિર ખાતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા ચૈત્રી નવરાત્રી નિમિતે સમસ્ત વાણંદ જ્ઞાતિનાં આદ્યકર્મ દેવી શ્રી લીંબોચ માંનાં હવન તેમજ મહાપ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. આ તકે શહેર તેમજ પરા વિસ્તારમાંથી સોરઠીયા વાણંદ સમાજ સહ પરીવાર ઉપસ્થિત રહેલ હતો. શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા આ દ્વિતીય હવનમાં બિપિનભાઈ ભટ્ટી પ્રમુખ, રાજુભાઈ ચુડાસમા, ભદ્રેશભાઈ પરમાર, ધનશુખભાઈ ચુડાસમા, નીરૂભાઈ પરમાર, વિજય ચુડાસમા તેમજ જગન્નાથ યુવા સંગઠનનાં હોદેદારો સહીત ઉપસ્થિત રહ્યા હતા. આ તકે મહાપ્રસાદમાં સોરઠીયા વાણંદ જ્ઞાતિ શહેર તેમજ પરાં વિસ્તારમાંથી સહ પરિવાર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને હાટકેશ્વર મહાદેવ મંદિર ખાતે લગભગ ૬૦૦ જેટલાં જ્ઞાતિ જનો દર્શન, મહાપ્રસાદ લાભ લીધો હતો.

# ગીરનાર આરોહણ અવરોહણ પ્રતિયોગીતાના વિજેતા લાલા પરમારની મતદારોને તા.૭મી મેએ ઉત્સાહભેર મતદાન કરવા અપીલ



જૂનાગઢ, તા. ૧૭

આગામી ૭ મેના રોજ ગુજરાતમાં લોકસભાની સામાન્ય ચૂંટણી તથા પેટા ચૂંટણી માટે ત્રીજા તબક્કામાં મતદાન થનાર છે. ત્યારે જિલ્લા ચૂટણી અધિકારી શ્રી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ મતદાન જાગૃતિ કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. મતદાન જાગૃતિ માટે ગિરનાર આરોહણ અવરોહણ પ્રતિયોગીતામાં છેલ્લા છ વર્ષથી પ્રથમ ક્રમાંક મેળવનાર લાલા પરમાર દ્વારા લોકોને અચૂક મતદાન કરવા માટે અપીલ કરી છે. તા.૭મી મેના રોજ હું પણ મતદાન કરીશ અને મતદાન માટે પવિત્ર ફરજ નિભાવીશ. આ સાથે લાલાએ લોકોને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવા અને મહત્તમ મતદાન થાય તેવા પ્રયત્ન કરીશ. તેમ જણાવ્યું હતું.

# જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારના ૮૭ શતાયુ મતદારો તા.૭ મેના મતદાન કરશે

## ૧૧૦ વર્ષના ચાર મહિલાઓ લોકસભા ચૂંટણીમાં મતદાન કરી અન્ય મતદારોને આપશે પ્રેરણા

જૂનાગઢ,તા.૧૭

૮૬ જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં ૧૦૦ વર્ષથી વધુ વયના ૮૭ મતદારો નોંધાયા છે. તેમજ આ સતાયુ મતદારોમાં સૌથી વધુ વયના ૪ મહિલા મતદાર છે. જે તા.૭ મેના રોજ મતદાન કરી અન્ય નાગરિકો માટે પ્રેરણારૂપ બનશે. આગામી લોકસભાની ચૂંટણીમાં જૂનાગઢ જિલ્લામાં કોઈ પણ મતદાર મતદાનની પવિત્ર ફરજથી વંચિત ન રહે માટે જૂનાગઢ જિલ્લા ચૂંટણી અધિકારી અનિલ રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ વિશેષ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. સમગ્ર રાજયની સાથે જૂનાગઢ જિલ્લામાં તા.૭ મે ના રોજ મતદાન થનાર છે. લોકસભા ચૂંટણીને લઈને ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી તૈયાર કરવામાં આવી છે. જેમાં ૮૬ જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારના સૌથી વધુ વયના મતદારોની યાદી પણ તૈયાર કરવામાં આવી છે. ૮૬ જૂનાગઢ વિધાનસભા મત વિસ્તારમાં સૌથી વધુ વયના એટલે કે ૧૧૦ વયના ચાર મહિલા મતદાર છે. આ ઉપરાંત ૧૦૦ વર્ષથી વધુ વયના મતદારોને ઘરેથી મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા પણ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. તેમજ ૧૦૦ થી વધુ વયના મતદાર જેનું નામ મતદાર યાદીમાં હતું. તેઓની હયાતી અંગેની ચકાસણી પણ બીએલઓ દ્વારા કરવામાં આવી હતી.

# ભાણવડમાં જાહેર જગ્યાઓમાં પક્ષીઓ માટે પાણીના કુંડા અને ચકલીઘર મુકાયા





(પ્રતિનિધિ દ્વાર)

જામ ખંભાળિયા, તા. ૧૭

હાલમાં કાળઝાળ ઉનાળાની ગરમી વચ્ચે પાણી ન મળવાના કારણે અનેક અબોલ પક્ષીઓ પોતાનો જીવ ગુમાવી શકે છે. ત્યારે ભાણવડમાં હોમગાર્ડના જવાનો અને એનિમલ લવર્સના સભ્યો દ્વારા ભાણવડમાં પોલીસ સ્ટેશન, કોર્ટ, મંદિરો સહિતના જાહેર સ્થળોએ કુલ મળીને ૧૦૦ જેટલા કુંડા અને ચકલી ઘર સ્થાપિત કર્યા છે. આગામી દિવસોમાં હજુ પણ વધુ સ્થળોએ આ પ્રકારે પક્ષીઓ માટે આ પ્રકારના સેવાકાર્ય કરાશે તેમ કાર્યકરોએ વધુમાં ઉમેર્યુ હતું.

## સાસણમાં મતદાન જાગૃતિ ઝુંબેશને અપાયો વેગ

# જંગલોમાં પ્રવાસીઓને માહિતગાર કરતા ૧૫૦ ગાઈડને તા.૭ મેનાં મતદાન મથકે જઈ મતદાન કરવા અનુરોધ

**જંગલ ખાતાના અધિકારીઓની વધુને વધુ મતદાન કરવાની અપીલ : સાસણનાં સિંહ સદન ખાતે મતદાન જાગૃતિના સેલ્ફી પોઈન્ટે જગાવ્યું આકર્ષણ : સાસણના ગીર સોવેનિયર શોપનાં બિલ ઉપર**





કલેક્ટર અનિલ રાણાવસિયા અને જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવતે સાસણમાં ઉપસ્થિત રહીને પ્રવાસીઓને સિંહ દર્શન કરાવતા અઢીસોથી વધુ જીપ્સી ડ્રાઈવરોની ગાડીમાં મતદાર જાગૃતિના સ્ટીકર લગાવવાનું મતદાન જાગૃતિની અભિયાન શરૂ કરાવ્યું હતું. જંગલોમાં ફરતા પ્રવાસીઓને જંગલ વિશેની માહિતીથી વાકેફ કરતા ૧૫૦ થી વધુ ગાઈડને પણ મતદાન કરવાની અપીલ કરાઈ હતી.

જૂનાગઢ, તા.૧૭

સાવજોની નગરી સાસણમાં મતદાન જાગૃતિની ઝુંબેશને જિલ્લા ચટણી તંત્ર દ્વારા વેગ અપાયો છે. અહીંના સિંહ સદન ખાતે દેશ અને દુનિયાના લાખો પ્રવાસીઓ સિંહ દર્શન માટે આવતા હોય છે ત્યારે આ મહત્વના ટુરિસ્ટ સ્પોટ ઉપર મતદાન જાગૃતિના સેલ્ફી પોઈન્ટે આકર્ષણ જગાવ્યું છે. વન વિભાગના અધિકારીઓ દ્વારા પણ મતદાર જાગૃતિની ઝુંબેશને વેગ આપવામાં ચૂંટણી તંત્રને સહકાર આપવામાં આવી રહ્યો છે. સિંહ સદન કેમ્પસમાં આધુનિક ઓડિટોરિયમમાં મતદાર જાગૃતિનાં કાર્યક્રમોમાં આયોજન થાય છે. એ.સી.એફ. કલ્પેશ ભાટિયા દ્વારા સેલ્ફી પોઈન્ટમાં સેલ્ફીના માધ્યમથી મતદાન જાગૃતિની અપીલ લોકોને કરવામાં આવી રહી છે, તો એજ્યુકેશન ઈન્સ્પેક્ટર જલ્પા કયાડા, સહાયક માહિતી નિયામક પારૂલ આડેસરા તથા માહિતી વિભાગની ટીમ દ્વારા પણ મતદાર જાગૃતિના સેલ્ફી પોઈન્ટ ખાતેથી મતદારોને મતદાન જાગૃતિની અપીલ કરવામાં આવી છે. સાસણના સિંહ સદન ખાતેના ગીર સોવેનિયર શોપનાં બિલ ઉપર મતદાન જાગૃતિ અંગેના સિક્કા લગાવીને લોકોને મતદાન કરવા પ્રેરિત કરવામાં આવી રહ્યા છે. સિંહ સદનમાં ઊભો થયેલ મતદાન જાગૃતિનો માહોલ પ્રવાસીઓને મતદાન કરવા પ્રેરિત કરે છે.તાજેતરમાં જિલ્લા ચૂંટણી અધિકારી -

- પારૂલ આડેસરા

# સાસણ ગીર ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ ફોટો-વિડીયો ગ્રાફર એસોસીયેશન પ્રેસિડેન્ટ મીટ ૨૦૨૪ યોજાઈ



(પ્રતિનિધિ દ્વારા)

કેશોદ, તા.૧૭

બીબી ડીજીલેબના બેનર હેઠળ સાસણ ગીર ખાતે સૌરાષ્ટ્ર-કચ્છ ફોટો -વિડીયો ગ્રાફર એસોસીયેશનના તમામ પ્રમુખ અને ઉપપ્રમુખની ફોટો- વિડીયો ગ્રાફર એસોસીયેશન પ્રેસિડેન્ટ મીટ ૨૦૨૪ યોજાઈ હતી.


આજની ડીજીટલ અને ટેકનોલોજીની દુનિયા હરણભાર ભરી રહી છે ત્યારે ડીજીટલ અને ટેકનોલોજીમાં અવનવા અપગ્રેડ થઈ રહયા છે અને આ ઝડપી યુગમાં સૌરાષ્ટ્ર-કચ્છના ફોટોગ્રાફર અને વિડીયોગ્રાફરના એસોસીયેશનના પ્રમુખો સાસણ ગીર ખાતે બીબી ડીજીલેબના અદકેરૂ નામ ધરાવતા જીજ્ઞેશભાઈ રાખોલિયાના નેતૃત્વ હેઠળ એક દિવસીય ખુબજ દમદાર સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. આ સંવાદ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જીલ્લાઓ તથા તાલુકાભરના પ્રમુખો અને ઉપ પ્રમુખો હાજર રહયા હતા.


આ સંવાદ કાર્યક્રમમાં બીબી ડીજીલેબના જીજ્ઞેશભાઈ રાખોલિયા દ્વારા સરકારની જુદી જુદી સહાય વીષે માહીતી આપી હતી તથા જુદા જુદા વકતાઓ દ્વારા ફોટોગ્રાફી અને વિડિયોગ્રાફી બાબતે સંવાદ કરી સચોટ માર્ગદશન આપ્પુ હતું અને પોતાના અનુભવો શેર કર્યા હતા. આ સંવાદ કાર્યક્રમમાં કેનન કંપનીના રીઝનલ હેડ પ્રજ્ઞેશભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન બીબી ડીજીલેબની ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું.

આ સાથે બીબી ડીજીલેબ જૂનાગઢના સંસ્થાપક જીજ્ઞેશભાઈ રાખોલિયાએ જણાવ્યું હતું કે, આરીતે પ્રથમ વખત સંવાદ કાર્યક્રમ યોજાયો હતો. જ્યારે હવે પછી ગુજરાતભરના ફોટોગ્રાફર અને વિડીયોગ્રાફર એસોસીયેશનનો કાર્યક્રમ આગામી સમયમાં યોજવામાં આવશે.

# વર્તમાન સમયમાં ડ્રગ્સના દુષણમાં ધકેલાતી યુવા પેઢીને ટાર્ગેટ કરનારી ફિલ્મ 'તાંડવમ' માં ગીરનો યુવાન મુખ્ય પાત્રની ભૂમિકા ભજવશે

**પોલીસ અધિકારીને મોટીવેશનલ પાવર પૂરો પાડનારી અને ભ્રષ્ટ રાજકારણીને ખુલ્લા પાડનારી પ્રથમ ગુજરાતી ફિલ્મ તા.૧૯ એપ્રિલે રિલીઝ થશે**



(મુગલ અલ્તાફ દ્વારા)

કોડીનાર તા.૧૭

ગીર સોમનાથના કોડીનારનો યુવાન પ્રભાતસિંહ રાજપૂતની મુખ્ય ભૂમિકા વાળી ગુજરાતી ફિલ્મ "તાંડવમ" આગામી ૧૯ એપ્રિલે રિલીઝ થવા જઈ રહી છે ત્યારે ગીર સોમનાથ જીલ્લામાં ફિલ્મને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. ત્યારે કોડીનાર ખાતે આવેલા ન્યુ એરા સિનેમા ખાતે માતૃશ્રી પ્રોડકશન દ્વારા પ્રેસ કોન્ફરન્સ યોજાઈ. ફિલ્મનાં હીરો પ્રભાતસિંહ રાજપુતે મીડિયાને સંબોધન કરતા તાંડવમ ફિલ્મનો ઉદ્દેશ સંદેશ સમજાવ્યો. આ ફિલ્મમાં વર્તમાન સમયમાં ચાલતા ડ્રગના દુષણને ડામવા મહેનત કરતા એક પોલીસ અધિકારી ઉપર આધારિત અને સિસ્ટમ સામેની લડાઈની ફિલ્મ છે.આગામી તારીખ ૧૯-એપ્રિલના રોજ સમગ્ર ગુજરાતમાં એકી સાથે આ ફિલ્મ રિલીઝ થવા જઈ રહી છે. આ ફિલ્મ માહિતી, મનોરંજન અને સંદેશ આપનારી છે. મિક્સ મસાલા અને વી.એફ.એક્સ. ટેકનોલોજીનો ઉપયોગ કરીને આ ફિલ્મનું નિર્માણ થયું છે. અત્યાર સુધી જે ગુજરાતી ફિલ્મો બની છે તેમાં કાંઈક અલગ જ ભાત પાડનારી આ ફિલ્મ છે. એક સારી હિન્દી કે સાઉથની ફિલ્મ જેવીજ ફિલ્મ હશે. તેવો દાવો તાંડવમ ફિલ્મના હીરો પ્રભાતસિંહ રાજપૂત અને માતૃશ્રી પ્રોડકશન કરી રહ્યા છે. ફિલ્મનું ટીઝર જોતા એવું જરૂરથી લાગી રહ્યું છે કે, 'ફિલ્મ સાઉથ અને હિન્દી ફિલ્મને ટક્કર આપે તેવી બની છે. ફિલ્મના લીડ રોલમાં એસ.પી. છે. જે એવા પોલીસ કર્મી છે કે, 'કાયદો જ સર્વોપરી છે.' તેવું માને છે. જેને લઈ કેટલાક ભ્રષ્ટ રાજકારણીઓ આ નિષ્ઠાવાન અધિકારીની વારંવાર બદલી કરે છે અને સસ્પેન્ડ પણ કરે છે. પોલીસનું મોરલ ખૂબ ઉમદા છે તે આ ફિલ્મમાં બખૂબી દર્શાવ્યું છે. ડ્રગ્સ માફિયાઓ સામે મેદાને પડેલા પોલીસ અધિકારીનું સાહસ, શોર્ય અને સિદ્ધિ આ ફિલ્મમાં બતાવવામાં આવી છે.રાજકારણીઓ કરતા પોલીસ વાસ્તવમાં સ્વચ્છ પ્રતિભા ધરાવે છે અને તેની વરદી ને વફાદાર છે તેવું આ ફિલ્મમાં દર્શાવવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાતના સિનેમા ઘરોમાં રિલીઝ થઈ જવા તૈયાર ફિલ્મ તાંડવમ ડ્રગ્સનાં દુષણ સામે પડકાર ફેકનાર ફિલ્મ બનશે. વર્તમાન યુવા પેઢીને ટાર્ગેટ કરનારી આ ફિલ્મ ડ્રગ્સનાં દુષણ સામે તાંડવ કરનાર પોલીસ અધિકારીએ ભોગવવી પડતી હાલાકી અને રાજકીય દબાવની સામે નહીં જુકનાર પોલીસની આપવીતી દર્શાવનારી ફિલ્મ છે. ફિલ્મનું શૂટિંગ ગુજરાત તેમજ ગુજરાત બહાર અનેક જગ્યાએ કરવામાં આવ્યું છે. મોટા બજેટની આ ફિલ્મ પરિવાર સાથે નિહાળી શકાય તેવી છે. આ ફિલ્મ જોનાર દરેકને મનોરંજન, સંદેશ અને માહિતી પૂરી પાડનાર ફિલ્મ છે. ખાસ કરીને પોલીસ અધિકારીને મોટીવેશનલ પાવર પૂરો પાડનારી અને ભ્રષ્ટ રાજકારણીને ખુલ્લા પાડનારી ફિલ્મ સાબિત થવાની છે. યુવા વર્ગ, પોલીસ અને રાજકારણીઓએ એક વખત આ ફિલ્મ જોવી જ રહી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપ્યું જનલક્ષી રાજનીતિનું નવુ રૂપ

લોકસભા ચૂંટણીનો પ્રચાર જોરશોરથી ચાલી રહ્યો છે. વિભિન્ન પક્ષો દ્વારા ચૂંટણી ક્ષેત્રોની ટિકિટો અપાઈ રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની તો રેલીઓ અને સાથે રોડ શો પણ શરૂ થઈ ગયા છે. તેને જોતાં કહી શકાય કે ચૂંટણી પ્રચારમાં ભાજપ આગળ નીકળી ગઈ છે. મોદી એક લોકપ્રિય નેતા જ નહીં પરંતુ આજની જનતાંત્રિક રાજનીતિના શિલ્પી પણ છે. દેશની જનતાંત્રિક રાજનીતિમાં અનેક મોટા નેતા થયા, પરંતુ તેમાં કેટલાય જૂના ચીલે જ ચાલતા રહ્યા. કેટલાક થયા જેમણ પોતાની રાજનીતિ માટે નવો રસ્તો બનાવ્યો. જો વડાપ્રધાન મોદીની રાજનીતિને ઊંડાણથી વિશ્લેષિત કરીએ તો જણાશે કે તેણે પોતાની રાજનીતિની એક નવી જ શૈલી વિકસિત કરી છે. તે રાજનીતિના એવા શિલ્પકાર રૂપે ઉભર્યા છે, જેમણે ભારતીય પરંપરામાં પોતાનાં મૂળ જમાવેલાં છે. તેનું એક કારણ તેમનું રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રચારક રૂપે કાર્ય કરવાનું છે.

જો મોદીના રાજકીય ક્રિયાકલાપોની વ્યાખ્યાથી કોઈ એક સૂત્ર શોધીએ તો તે છે સતત બદલાવ - સતત નવોન્મેષ. આ નવોન્મેષની દિશા તેમની ભારતના ભવિષ્યની અવધારણાથી બને છે અને આકાર લેછે. તેમણે જે પ્રકારે ૨૦૪૭ સુધી વિકસિત ભારત અને હજાર વર્ષ બાદ ભારતનું સપનું જોયું છે, તેનું સ્વરૂપ ઉભરી આવવું આસાન છે. આ નવોન્મેષની બીજી દિશા થાકેલા, હારેલા, ઉદાસ જનમાં આશા જગાવવાની રાજનીતિ વિકસિત કરવી અને એ આશાઓને પૂરી કરવા માટે લોકોમાં ક્ષમતા નિર્માણની નીતિ પર કામ કરવાનું છે.

ગત દિવસોમાં ઉત્તર ભારતના એક ગામમાં એક પછાત સામાજિક સમૂહના યુવાઓ સાથેની ચર્ચામાં જ્યારે મોંઘવારી, ગરીબી, બેરોજગારીનો સંદર્ભ આવતો હતો, ત્યારે તેમણે કહ્યું કે હવે દેશ પહેલાં જેવી દશામાં નથી. દેશ આગળ વધી રહ્યો છે. બધાને આગળ વધવાનો રસ્તો દેખાઈ રહ્યો છે. નોકરી મળી તો ઠીક નહીં તો કંઈક ધંધો કરી લઈશું. બેંક લોન, સ્ટાર્ટઅપની અનેક યોજનાઓ ચાલે જ છે ને? આ ચર્ચાથી લાગે કે તળિયાના લોકોમાં એક પ્રકારની આશા જાગી છે અને જડતા તૂટી છે. બનારસ, અયોધ્યા, ઉજ્જૈન જેવા તીર્થોના આધુનિકીકરણે મોટાપાયે તીર્થયાત્રીઓને આકર્ષિત કર્યા છે. ઉત્તર પ્રદેશના પર્યટન વિભાગ અનુસાર ૨૦૨૩માં ઉત્તર પ્રદેશમાં ૪૮ કરોડ પર્યટક આવ્યા, જેમાંથી ૧૬ લાખ બહારના દેશોના હતા. પર્યટકોના આવાગમને આ તીર્થ સ્થળોની આસપાસના ગામો, કસ્બામાં નાણાંનો પ્રવાહ વરસાવ્યો છે. તેનાથી પણ લોકોમાં જડતા તૂટી છે અને વિકાસની આશા જાગી છે.

મોદીની રાજકીય શૈલીનું એક તત્ત્વ લોકોમાં ભવિષ્ય પ્રત્યે આશા સર્જન કરવાનું પણ છે. મોદી એક એવા રાજનીતિજ્ઞ છે, જેમણે પોતાની રાજનીતિના ભવિષ્યને વિમર્શનો વિષય બનાવ્યો છે. પહેલાંના કેટલાય વડાપ્રધાન કાં તો સમકાલીન સમસ્યાઓના દબાણમાં કે પોતાની દષ્ટિગત સીમાને કારણે નાના કળખંડો તથા પંચવર્ષીય વિકાસની યોજનાઓમાં જ બંધાયેલા રહ્યા. તેમની પાસે દીર્ઘકાલીન ભવિષ્યનું વિઝન ન હતું. પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુના ભાષણોને સાંભળીએ તો 'ભવિષ્ય' શબ્દ તેમાં તમને કદાચ જ સાંભળવા મળે. રામમનોહર લોહિયાએ એક આલેખમાં ભારતીય રાજનીતિના આ સંકટ તરફ ઈશારો કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતમાં રાજકીય પક્ષોમાં ભવિષ્ય વિશે વિચારવાની ક્ષમતા નથી.

વડાપ્રધાન મોદીની રાજકીય શૈલીમાં એક અન્ય તત્ત્વ સત્તાની રાજનીતિને સામાજિક રાજનીતિમાં રૂપાંતરિત કરવાનું છે. તેઓ વારંવાર કહે છે કે સત્તાની રાજનીતિથી પાર જઈને આપણે સમાજને પોતાની રાજનીતિ સાથે જોડવો પડશે. અહીં તે આપણને મહાત્મા ગાંધીની શૈલી જણાવે છે, જ્યાં તેઓ વિદેશી સામ્રાજ્યવાદ વિરૂધ્ધ પોતાના સંઘર્ષને અછૂતોના દ્ધાર, પંથક એક્તા અને એનેક સામાજિક કુરીતિઓ વિરુદ્ઘ પોતાના અભિયાનોથી બળ પ્રદાન કરતા હતા. મોદીએ પણ પોતાના રેડિયો કાર્યક્રમ 'મન કી બાત'ને સામાજિક પરિવર્તન સાથે જોડવાની સાથે અનેક નાના-નાના સામાજિક મુદ્દાને પણ પોતાની વ્યાપક રાજનીતિમાં સ્થાન આપ્યું છે. છાત્રો સાથે સંવાદ, પરીક્ષા પે ચર્ચા, યુવાઓમાં તણાવ વધવાની ચિંતા, સ્ક્રીન ટાઇમ વિશે સંદેશ, પંચ પ્રણની અવધારણા, કાશી-તમિલ સંગમમ દ્વારા વિભિન્ન સંસ્કૃતિઓને જોડવાના પ્રયાસોને તેમણે પોતાની રાજનીતિ સાથે જોડ્યા છે. સમાજના હાંશિયા પર રહેનારા લોકોને પણ 'મન કી બાત'માં તેઓ સ્થાન આપતા રહ્યા છે. એવામાં સત્તાની રાજનીતિ વિકાસ, આશા અને સામાજિક મુદ્દાની રાજનીતિમાં બદલાઈ જાય છે. તેમણે પોતાની રાજનીતિમાં ધર્મ અને અધ્યાત્મની હાજરીને પણ નવી રીતે પરિભાષિત કરી છે. સાધુ-સંતો, મંદિરો, સૂફી સ્થળોથી પોતાના પ્રતીકાત્મક સંબંધ સ્થાપિત કરતાં તેમણે જનતાના વિભિન્ન વર્ગોના મનમાં પ્રવેશ કર્યો છે. આ જ કારણે તેમની છબિ આજે માત્ર એક રાજનેતાની નથી રહી, બલ્કે તેની આગળ પહોંચી ગઈ છે. આ છબિએ એક સામાજિક નેતા, સાંસ્કૃતિક કાર્યકર્તા તથા લોકોની નાની-નાની સમસ્યાઓમાં સામેલ રહેનારા વ્યક્તિનું પ્રતીક ઘડ્યું છે. તેમની અ છબિએ વિપક્ષની મુશ્કેલી વધારી છે.

એ ઉલ્લેખનીય છે કે ભાજપે આ વખતે પોતાના કેટલાય વિવાદ પેદા કરનારા નેતાઓની ટિકિટ કાપી નાખી છે. અનંત કુમાર હેગડે, પ્રજ્ઞા ઠાકુર, રમેશ બિધુડી જેવા નેતા કદાચ એમ માનતા હતા કે વિવાદ પેદા કરીને રાજનીતિ કરી શકાય છે. તેમની ટિકિટ કપાવી પણ વડાપ્રધાન મોદીની નવી રાજકીય શૈલી તરફ ઈશારો કરી રહ્યું છે. ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં પોતાના વિજયી ઉમેદવારોને સંબોધિત કરતાં તેમણે કહ્યું હતું કે વિવાદથી બચો. ગત દિવસોમાં પણ તેમણે દોહરાવ્યું કે પાર્ટી નેતા વિવાદથી બચે અને માત્ર વિકાસ કાર્યોની ચર્ચા કરે. તેને આપણે એક પ્રકારે એક એવા સમયે જનતાંત્રિક રાજનીતિમાં સકારાત્મક રાજનીતિના નિર્માણની શૈલી રૂપે જોઈ શકીએ છીએ, જ્યારે અનેક નેતા વિવાદ અને નકારાત્મક ચર્ચાથી પોતાની રાજકીય પ્રાસંગકતા બનાવી રાખવા માગે છે. જોવાનું રહેશે કે ભારતીય રાજનીતિમાં આગળ જઈને આ શૈલી કેવી રીતે ફૂલેફાલે અને વિકસિત થાય છે અને વિપક્ષ તેનો સામનો કેવી રીતે કરે છે?

### પોલીસ બંને આરોપીઓની પૂછપરછ કરશે

# સલમાનના ઘરે ગોળીબાર કરનાર બંને આરોપી ગુજરાતના ભુજમાંથી ઝડપાયા

## બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે



અમદાવાદ, તા.૧૭

બોલિવૂડ એક્ટર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગ કેસમાં મુંબઈ ક્રાઈમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસે ફાયરિંગના બંને આરોપીઓની ગુજરાતના ભુજમાંથી ધરપકડ કરી છે. મુંબઈ ક્રાઈમ બ્રાન્ચના એક વરિષ્ઠ અધિકારીએ આ કાર્યવાહીની પુષ્ટિ કરી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર મુંબઈમાં થયેલા ફાયરિંગ કેસમાં સંડોવાયેલા બંને બાઈક સવાર આરોપીઓને પોલીસે શોધી કાઢ્યા છે. એક ટીમ ગુજરાત ગઈ હતી અને બંને આરોપીઓની ધરપકડ કરી હતી.

બંને આરોપીઓને સવાર સુધીમાં મુંબઈ લાવવામાં આવશે. અહીં પોલીસ બંને આરોપીઓની પૂછપરછ કરશે. મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ભુજના માતા કા મઠ નજીકથી બંને આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની ઓળખ વિકી ગુપ્તા (ઉંમર ૨૪) અને સાગર (૨૧ વર્ષ) તરીકે થઈ છે. બંને આરોપીઓ બિહારના ચંપારણના રહેવાસી હોવાનું કહેવાય છે. શર્ટમાં જોવા મળેલા આરોપીનું નામ સાગર છે, જ્યારે ટી-શર્ટ પહેરેલા આરોપીનું નામ વિકી ગુપ્તા છે. તમને જણાવી દઈએ કે રવિવારે સવારે ૫ વાગ્યે બાંદ્રામાં સલમાન ખાનના ગેલેક્સી એપાર્ટમેન્ટની બહાર બે અજાણ્યા બાઈક સવારોએ હવામાં ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યુ હતું. બંને શૂટરો બાઈક પર આવ્યા હતા અને ફાયરિંગ કરીને ભાગી ગયા હતા. બંનેએ હેલ્મેટ પહેરી હતી. તે ગોળીઓના નિશાન સલમાનના એપાર્ટમેન્ટની બહાર પણ મળી આવ્યા હતા. એક ગોળી તેની બાલ્કનીની જાળીને પણ વીંધી ગઈ. સલમાન અવારનવાર આ બાલ્કનીમાંથી પોતાના ચાહકોને હાથ હલાવીને અભિવાદન કરે છે. તપાસ દરમિયાન ત્યાંથી બુલેટના શેલ મળી આવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, સલમાનના ઘરની બહાર ગોળીબાર કરનાર શૂટર ગુનો કર્યા બાદ બાઈક પર બ્રાંડાના માઉન્ટ મેરી ચર્ચ પહોંચ્યો હતો.

બાઈક ત્યાં જ છોડી, થોડે દૂર ચાલીને બાંદ્રા રેલ્વે સ્ટેશન પર ઓટોરિક્ષા લીધી. આ પછી તે બોરીવલી તરફ જતી ટ્રેનમાં ચડી ગયા, પરંતુ સાંતાક્રુઝ રેલવે સ્ટેશન પર ઉતરીને બહાર નીકળી ગયા. આ સ્થળોના સીસીટીવી ફૂટેજમાં આરોપીઓ જોવા મળ્યા હતા. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાન્ચ આ કેસનું નેતૃત્વ કરી રહી છે. પોલીસ સૂત્રોએ જણાવ્યું કે આ હુમલાનું કાવતરું લગભગ એક મહિના પહેલા રાજસ્થાનમાં ઘડવામાં આવ્યું હતું. આ અંતર્ગત શૂટરોએ સલમાનના પનવેલ ફાર્મ હાઉસ પાસે એક રૂમ ભાડે લીધો હતો. ત્યાં રહેતી વખતે તે ફાર્મ હાઉસ પર નજર રાખતો હતો. શૂટરો તેની હિલચાલની રાહ જોઈ રહ્યા હતા. આ દરમિયાન અભિનેતા પર હુમલાનું કાવતરું ઘડવામાં આવ્યું હતું. આટલું જ નહીં, તેણે ઘણી વખત બાંદ્રા સ્થિત સલમાનના ઘર ગેલેક્સી એપાર્ટમેન્ટની રેકી પણ કરી હતી. સૂત્રોનું માનીએ તો શૂટરોએ ત્યાં ચાર વખત જઈને રેકી કરી હતી. આ પહેલા વર્ષ ૨૦૧૮માં પણ લોરેન્સ બિશ્નોઈ ગેંગના ઓપરેટિવ્સે ગેલેક્સીની રેકી કરી હતી.

### દિવ્યા ભારતીનું મોત આત્મહત્યા નહોતું !

# ૩૧ વર્ષ બાદ ધૂણ્યું ભૂત, એક્ટરનો ચોંકાવનારો ઘટસ્ફોટ

## ૯૦ના દાયદાના બેસ્ટ એક્ટ્રેસ અને કરોડો દિલ પર રાજ કરનારી દિવ્યા ભારતીના મોતને લઈને એક મોટો ઘટસ્ફોટ સામે આવ્યો છે



(સંપૂર્ણ સમાચાર સેવા)

મુંબઈ, તા.૧૭

૧૯૯૩ની સાલમાં તે વખતની બેસ્ટ એક્ટ્રેસ દિવ્યા ભારતીના મોતે આખા દેશમાં સનસનાટી મચાવી દીધી હતી. દિવ્યા ભારતી તેના એપાર્ટમેન્ટની બાલ્કનીમાં લપસી પડી હોવાનું કહેવાતું હતું જોકે એ વખતે એવો પણ દાવો કરાયો હતો કે દિવ્યાનું મર્ડર થયું છે. દિવ્યા ભારતીના મોતના ૩૧ વર્ષ બાદ હવે રંગ ફિલ્મમાં તેની સાથે કામ કરનાર એક્ટર કમલ સદાનાએ દિવ્યા ભારતીના મોતને લઈને નવો દાવો કર્યો છે. કમલ સદાનાએ એક ઈન્ટરવ્યૂમાં દિવ્યા ભારતીના મોતને લઈને મૌન તોડ્યું છે. તેણે કહ્યું કે ઘટનાની રાતે દિવ્યા ભારતીએ રમ પીધો હતો અને તેથી તેને ગેસ થયો હતો અને રુમમાં રઘવાઈ થઈ હતી આ નશાને કારણે તે બાલ્કનીમાંથી લપસી પડી હોઈ શકે છે. તેનું મોત એક આકસ્મિક હતું, તેણે આપઘાત કર્યો નહોતો કે તેની હત્યા પણ થઈ નહોતી. તેણે કહ્યું કે તે તેમના માટે ખૂબ જ દુઃખદ છે. તે ખૂબ જ પ્રતિભાશાળી અભિનેત્રી હતી. કમલને તેની કંપની અને સાથીદારો સાથે કામ કરવામાં આનંદ થયો. તે આનંદી અને મનોરંજક હતી. એટલું જ નહીં, અભિનેતાનું કહેવું છે કે દિવ્યા ખૂબ હિંમતવાન હતી. તે શ્રીદેવીની અદ્ભુતની નકલ કરતી હતી. મને હજુ પણ દિવ્યાના મોતનો વિશ્વાસ આવતો નથી. આ મારે માટે ચોંકાવનારા સમાચાર હતા. મોતના ૨-૩ દિવસ પહેલા મેં દિવ્યા સાથે શુટિંગ પૂરુ કર્યું હતું મને કોઈને ફોન કરીને દિવ્યાના મોતના સમાચાર આપ્યાં હતા અને મને ભારે આંચકો લાગ્યો હતો. કમલ સદાનાએ કહ્યું કે જ્યારે તે દિવ્યા ભારતી સાથે શૂટિંગ કરી રહ્યો હતો, ત્યારે બધું બરાબર હતું. તે એકદમ ખુશ હતી. તે સમયે તે ટોચના કલાકારોમાંની એક હતી. તેની પાસે ઘણી ફિલ્મો હતી. દિવ્યાએ આત્મહત્યા કરી હોય તેવું મારુ માનવું નથી. તે નશામાં હોવાને કારણે લપસી ગઈ હશે અને હત્યાની વાતને ખોટી પણ કહે છે. દિવ્યા ભારતી અને કમલ સદાનાની જોડી છેલ્લે ફિલ્મ 'રંગ'માં જોવા મળી હતી. આ ફિલ્મ ૧૯૯૩માં દિવ્યાના મોત બાદ રિલિઝ થઈ હતી. ઉલ્લેખનીય છે કે એપ્રિલ ૧૯૯૩ની સાલમાં પોતાના ઘરથી બાલ્કનીમાંથી લપસી પડતાં દિવ્યા ભારતીનું મોત થયું હતું.

### પ્રચારમાં ઉપયોગમાં લેવાતી વિવિધ ચીજવસ્તુના ભાવ ચૂંટણી તંત્ર દ્વારા નક્કી કરાયા

# ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા કરાતા ખર્ચમાં ટોપી ૧૩ રૂપિયા અને ઝાડુના ૩૫ નક્કી કરાયા



ગાંધીનગર, તા.૧૭

લોકસભાની ચૂંટણી માટે પ્રચાર કાર્યની શરૂઆત કરી દેવાઈ છે ત્યારે ચૂંટણીમાં ઉમેદવારો દ્વારા પ્રચાર માટે જે વિવિધ ખર્ચ કરવામાં આવે તેના દર અમદાવાદ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા નક્કી કરાયા છે. લોકસભા ચૂંટણી લડતા ઉમેદવારોએ તે મુજબ ખર્ચના રજિસ્ટર નિભાવવા માટે પણ તાકીદ કરવામાં આવી છે. ચૂંટણીમાં પ્રચાર-પ્રસાર, રેલી-સરઘસ વગેરે દરમિયાન ઉમેદવારો દ્વારા ખાણી-પીણીથી લઈ કાર્યકરો માટે ટોપીથી લઈને ખેસ વિગેરેની વ્યવસ્થા પણ કરાતી હોય છે. જેમાં સાદી ટોપીનો ભાવ ૧ નંગનો ૧૩ રૂપિયા અને પ્રિન્ટવાળી ટોપીનો ભાવ ૧૭ રૂપિયા નક્કી કરાયો છે. જો ટોપી કાગળની હોય તો ૬ રૂપિયાનો દર રખાયો છે. આમ આદમી પાટીનું ચૂંટણી ચિન્હ ઝાડુ છે. ઝાડુનો ભાવ ૩૫ રૂપિયા નક્કી કરાયો છે. હાલ ઉનાળાની કાળઝાળ ગરમી છે ત્યારે પ્રચાર સભામાં મોટાપાયે પાણી અને લીંબુ શરબત, છાશ વિગેરેનો ઉપયોગ કરાતો હોય છે. તેના ભાવ પણ નક્કી કરાયા છે. તે સાથે સાદી ગુજરાતી થાળીમાં પૂરી અથવા રોટલી, બે શાક, દાળ કે કઢી, ભાત કે ખીચડી અને પાપડ, સલાડ વિગેરેનો સમાવેશ ૯૦ રૂપિયામાં કરાયો છે.

### મતદાર અને લોકશાહીના લગ્ન

# મતદાન અંગે જાગૃતિ લાવવા શિક્ષકે અનોખું કાર્ડ તૈયાર કર્યું

ચંદ્રપુર, તા.૧૭

હાલમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪નો મહા જંગ ચાલી રહ્યો છે. આ રાષ્ટ્રીય તહેવાર પર મતદારો મતદાનની તેમની ફરજ નિભાવી શકે છે. આ માટે સરકાર અનેક કાર્યક્રમો ચલાવી રહી છે. મતદાનની ટકાવારી વધારવા જનજાગૃતિ લાવવામાં આવી રહી છે. આ જનજાગૃતિ અંતર્ગત શિક્ષક પરમાનંદ તિરાણીકે પચાસ પૈસાના પોસ્ટકાર્ડ પર પોતાના હસ્તાક્ષરમાં અનોખા આમંત્રણ કાર્ડ 'લોકશાહીના શુભ લગ્ન' લખીને મતદારોને મતદાન કરવા અપીલ કરી છે.વાસ્તવમાં, મહારાષ્ટ્રના ચંદ્રપુર જિલ્લાના વારોરા શહેરમાં રહેતા શિક્ષક પરમાનંદ તિરાનિકે મતદાન જાગૃતિ માટે એક અનોખું કાર્ડ બનાવ્યું છે, જે પોસ્ટકાર્ડ પર બનાવવામાં આવ્યું છે અને લગ્નના આમંત્રણ કાર્ડનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. રંગબેરંગી અક્ષરોથી બનેલા આ કાર્ડમાં વરરાજાના નામની જગ્યાએ ચિ.વોટર અને કન્યાના નામની જગ્યાએ ચિ. લોકશાહી (ભારતીય બંધારણનો સૌથી મોટો પુત્ર) લખવામાં આવ્યો છે.આ કાર્ડ મતદારોના લગ્ન અને લોકશાહીનું પ્રતિનિધિત્વ કરે છે. આ કાર્ડ દ્વારા તેમણે ૧૮ વર્ષ પૂર્ણ કરી ચૂકેલા લોકોને મતદાન કરવા અપીલ કરી છે. તેણે અલગ-અલગ વોટરકલર પેનનો ઉપયોગ કરીને આ મેગેઝિન બનાવ્યું છે, જે પોસ્ટકાર્ડ પર આકર્ષક લાગે છે. જેના દ્વારા ૧૮ વર્ષથી ઉપરના વિદ્યાર્થીઓ, વિકલાંગ ભાઈ-બહેનો અને યુવાનોએ તેમના વાલીઓને સંદેશો આપ્યો છે.'પ્રિય મમ્મી અને પપ્પા, મારા ઉજ્જવળ ભવિષ્ય માટે મત આપો.' પોસ્ટકાર્ડની બીજી બાજુ, તે દસ ઓળખ કાર્ડ વિશે માહિતી આપવામાં આવી છે, જેનો મતદાન સમયે તમારા ઓળખ કાર્ડ તરીકે ઉપયોગ કરી શકાય છે. આ અનોખા લગ્ન કાર્ડ જિલ્લામાં ચર્ચાનો વિષય બન્યો છે. તમને જણાવી દઈએ કે શિક્ષક પરમાનંદ તિરાનિકે આ કાર્ડ મરાઠીમાં લખ્યું છે.

## નવા ઊંટરડામાં પતિએ ગ્રાઈન્ડરથી પત્નીનું ગળું કાપી નાંખ્યું

અરવલ્લી, તા.૧૭

અરવલ્લી જિલ્લામાં એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પતિએ પત્નીની હત્યા કર્યા બાદ ખુદ આપઘાત કરી લીદો હતો. બાયડના નવા ઊંટરડામાં પતિએ રસોઈ પડેલા ગ્રાઈન્ડરથી પત્નીનું ગળું કાપી નાખ્યું હતું. નિવૃત્ત શિક્ષક પતિએ પત્ની કુસુમબેનની કરપીણ હત્યા કર્યા બાદ પોતે પણ આપઘાત કરી લીધો હતો. ઘટનાના પગલે ગામમાં ચકચાર મચી ગઈ હતી. આ અંગે આંબલિયારા પોલીસે તપાસ હાથ ધરી છે. ઘટનાનું કારણ હજુ સુધી અકબંધ છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

:: રત્નકણીકા ::

આળસથી વિદ્યા નષ્ટ થાય છે.

- આચાર્ય ચાણક્ય

### : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૬, પા.આદર-૧૩૯૩, મુ. શવ્વાલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, ચૈત્ર સુદ-૯ શ્રી રામનવમી, શ્રી સહજાનંદ સ્વામી જયંતિ, ચૈત્ર નવરાત્રી સમાપ્ત તા.૧૭એપ્રિલ ૨૦૨૪, બુધવાર, પારસી તા.૬, મુસ્લિમ તા.૭, આશ્લેષા નક્ષત્ર, શૂળ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૬:૩૦, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ અશુભ છે

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: અગત્યની મુલાકાતથી લાભ થાય. મનમાં પ્રફુલિતતા રહે.
વૃષભ:અણધાર્યો લાભ થાય. કાર્યબોજ હળવો બને.
મિથુન:ગુંચવાયેલા પ્રશ્નોનો ઉકેલ આવે. મહેનત પછી કાર્યમાં સફળતા મળે.
કર્ક: મિલન-મુલાકાતમાં સફળતા મળે. મનની મૂંઝવણ દૂર થાય.
સિંહ: ધાર્યા કાર્યમાં વિઘ્ન ઉદ્ભવે. મુસાફરી ટાળવી હિતાવહ.
કન્યા: રોકાયેલા નાણાં છૂટા થાય. કૌટુંબિક મતભેદ દૂર થાય.
તુલા: તબિયત નરમ-ગરમ રહે. જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે.
વૃશ્ચિક:સામા પ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય. ગૃહવિવાદ.
ધન: અંગત મૂંઝવણ દૂર થાય. આનંદમય દિવસ વિતે.
મકર: પ્રિયજનથી મિલન-મુલાકાત સફળ બને. ભાગ્ય ફળે.
કુંભ: નાણાંભીડ દૂર થાય. અટકેલા કાર્યો આગળ ધપે.
મીન: આકસ્મીક લાભ મળે. યશ, માન, કીર્તિમાં વધારો થાય.

# કરો યોગ, રહો નિરોગી




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

યોગ એ આસન કરતા પણ ઘણું વધારે છે. જે જીવનને એક પ્રોપર વે શીખવાડે છે કે આપણું જીવન કઈ રીતનું હોવું જોઈએ. જેથી આપણે આપણા ખુદના જ ડોકટર બની શકીએ અને યોગ એ વિજ્ઞાન સાથે જ કનેકટેડ છે અને તેની જ ભાષા બોલે છે. આજની જનરેશન છે તે કાઈક વધુ પડતી જ સોશ્યલ મિડીયા તરફ જુકી રહી છે. સોશ્યલ મિડીયાને સારી રીતે યુઝ કરો સારૂ પણ છે પણ જયારે તેની લત લાગી વજાય છે તો ઘણું જ નુકશાનકારક સાબીત થઈ શકે છે અને તેના કારણે ડિપ્રેશન, એન્જાઈટી અને સ્ટ્રેસનો ભોગ બને છે. ત્યારે યોગ કરો છો તો આ વસ્તુથી તમે બચી શકો છો તેમ ભુજના જાણીતા યોગા થેરાપીસ્ટ હિના રાજગોરે જણાવ્યું હતું. હિના રાજગોર નેશનલ યોગા એથલિટ છે. ગુજરાત સ્ટેટ યોગાસન સ્પોર્ટસ ચેમ્પિયનશીપમાં ગોલ્ડ મેડલ વિજેતા છે. સાથે સાથે મોડેલીંગ પણ કરે છે અને ૨૦૨૨માં યોગા કિવન તથા ગુજરાત સુપર મોડલનો ખિતાબ પણ મેળવેલ છે. જૂનાગઢના યુવાન અલ્ફેઝ ભટ્ટી દ્વારા હિના રાજગોરના વતન ભુજ ખાતે તેમની સાથે પોડકાસ્ટનું આયોજન થયું હતું. જેમાં તેમણે યોગા થેરેપી શું છે, યોગના ફાયદાઓ કયા કયા છે, યોગ દ્વારા આપણા શરીર ઉપર શું અસર થાય છે, તેમની કારકિર્દી, મોડેલીંગ કરવાનું કારણ તથા યોગ ઉપર નાનામાં નાની બાબતો ઉપર પણ ચર્ચાઓ કરવામાં આવી હતી તથા લોકોને પણ યોગ કરવા અપીલ કરી હતી. આ પોડકાસ્ટ યુટયુબ ઉપર તદન ફ્રીમાં નિહાળી શકો છો.(તસ્વીર : અલ્ફેજ ભટ્ટી)

# શાકભાજીના ભાવ વધતા જથ્થાબંધ મોંઘવારી માર્ચમાં ૫૦ ટકા વધી ગઈ

નવી દિલ્હી, તા.૧૭

શાકભાજીના રિટેલ ભાવોમાં ઘટાડાથી વિપરિત માર્ચમાં જથ્થાબંધ ભાવો વધ્યા છે. પરિણામે જથ્થાબંધ મોંઘવારીમાં વધારો જોવા મળ્યો છે. માર્ચમાં જથ્થાબંધ ફુગાવો (WPI) નજીવો ૦.૫ ટકા વધ્યો છે. જે ગતવર્ષે ૦.૨ ટકા હતો. સરકાર દ્વારા જારી આંકડાઓ અનુસાર, જથ્થાબંધ ફુગાવો (WPI) વાર્ષિક ધોરણે વધી માર્ચમાં ૦.૫૩ ટકા નોંધાયો છે. જે ફેબ્રુઆરીમાં ૦.૨૦ ટકા હતો. ખાદ્ય ચીજોની જથ્થાબંધ મોંઘવારી માર્ચમાં ૬.૮૮ ટકા થઈ હતી. જે ગતવર્ષે ૫.૪૨ ટકા હતી. શાકભાજીમાં ફુગાવો ગતવર્ષે ૨.૩૯ ટકા સામે વધી ૧૯.૫૨ ટકા નોંધાયો છે. માર્ચમાં બટાટા અને ડુંગળીના ભાવમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો છે ફેબ્રુઆરીમાં જથ્થાબંધ ડુંગળીના ભાવમાં ૨૯.૨૨ ટકાનો વધારો થયો હતો, જે માર્ચમાં ૫૬.૯૯ ટકા વધ્યો હતો. આગામી ખરીફ પાકની લણણી સુધી ભારતમાં ડુંગળીના પુરવઠામાં મોટી અછતનો સામનો કરવો પડી શકે છે. બટાટાનો જથ્થાબંધ ભાવ ફેબ્રુઆરીમાં ૧૫.૩૪ ટકાની સરખામણીએ માર્ચમાં ૫૨.૯૬ ટકા વધ્યો હતો. આંકડા મુજબ, એક વર્ષ પહેલા માર્ચ મહિનામાં ડુંગળીના જથ્થાબંધ ભાવમાં ૩૬.૮૩ ટકા અને બટાકાના ભાવમાં ૨૫.૫૯ ટકાનો ઘટાડો થયો હતો. ફેબ્રુઆરી, ૨૦૨૪ની તુલનામાં માર્ચ, ૨૦૨૪ મહિના માટે WPI ઈન્ડેક્સમાં મહિના દર મહિને માર્ચમાં બટાટા અને ડુંગળીના ભાવમાં ૫૦ ટકાથી વધુનો વધારો થયો : ફેબ્રુઆરીમાં ૨૯.૨૨ ટકાનો વધારો થયો ફેરફાર ૦.૪૦ ટકા હતો.



જથ્થાબંધ ખાદ્ય ફુગાવો ફેબ્રુઆરીમાં વાર્ષિક ધોરણે ૪.૧ ટકા વધ્યા બાદ માર્ચમાં વધીને ૪.૭ ટકા થયો હતો. ફેબ્રુઆરીમાં માસિક ધોરણે ૦.૧૧ ટકા વધ્યા પછી માર્ચમાં ખાદ્ય ફુગાવો ૧.૦૧ ટકા વધ્યો છે. માર્ચ, ૨૦૨૪માં ફુગાવાનો દર મુખ્યત્વે ખાદ્ય ચીજવસ્તુઓ, વીજળી, ક્રૂડ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ, મશીનરી અને સાધનો અને અન્ય ઉત્પાદન વગેરેના ભાવમાં વધારાને કારણે છે. ક્રૂડ પેટ્રોલિયમ અને નેચરલ ગેસ સેક્ટરમાં જથ્થાબંધ ફુગાવો માર્ચમાં ૪.૮૭ ટકા વધ્યો હતો, જે ગયા વર્ષે સમાનગાળામાં ૧.૧૯ ટકાના ઘટાડા સાથે હતો. ઈંધણ અને વીજળીનો ફુગાવો માર્ચમાં ૦.૭૭ ટકા ઘટ્યો હતો.

# RTEમાં ૩૯,૯૭૯ વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવાયો : ૫૧૯૧ બેઠકો ખાલી પડી

## વાલીઓએ ૨૨ એપ્રિલ સુધીમાં જે તે શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાના રહેશે

અમદાવાદ,તા.૧૭

રાઈટ ટુ એજ્યુકેશન (RTE) અંતર્ગત રાજ્યના ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને ધોરણ-૧માં પ્રવેશ ફાળવણી કરવામાં આવી છે. RTE અંતર્ગત ધોરણ-૧ની કુલ ૪૫૧૭૦ જેટલી બેઠકો સામે ૧.૭૨ લાખ અરજીઓ માન્ય રહી હતી. જેમાંથી ૩૯૯૭૯ વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં પ્રવેશ ફાળવાયો છે, જ્યારે ૫૧૯૧ બેઠકો પસંદગીના અભાવે ખાલી પડી છે. વાલીઓએ ૨૨ એપ્રિલ સુધીમાં જે તે શાળામાં જઈને પ્રવેશ કન્ફર્મ કરાવવાનો રહેશે. પ્રવેશ કન્ફર્મ નહીં કરાવનારા વિદ્યાર્થીઓને ફાળવાયેલો પ્રવેશ રદ ગણાશે. પ્રાપ્ત માહિતી અનુસાર, RTEમાં પ્રવેશ શિક્ષણ વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જેમાં




રાજ્યની ખાનગી પ્રાથમિક સ્કૂલોની ૨૫ ટકા પ્રમાણે ધોરણ-૧માં પ્રવેશ ફાળવવા માટે ઓનલાઈન ફોર્મ સ્વીકારવામાં આવ્યા હતા. જેમાં ચાલુ વર્ષે રાજ્યની ૯૮૨૮ પ્રાથમિક સ્કૂલોની ૪૫૧૭૦ જેટલી બેઠકો માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને ફોર્મ ભરવાની મુદત પુર્ણ થઈ ત્યાં સુધીમાં સમગ્ર રાજ્યમાંથી ૨૩૫૩૮૭ જેટલા ફોર્મ ભરાયા હતા. ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ હતી તે દરમ્યાન જિલ્લા કક્ષાએ ફોર્મની ચકાસણી શરૂ કરી દેવામાં આવી હતી. તમામ ફોર્મની ચકાસણીના અંતે ૧૭૨૬૭૫ જેટલા ફોર્મ માન્ય રહ્યા હતા. જ્યારે ૧૫૩૧૯ ફોર્મ અધુરા દસ્તાવેજો જેવા જુદાજુદા કારણોસર અમાન્ય રહ્યા હતા. જ્યારે ૪૭૩૯૩ જેટલા ફોર્મ અરજદારો દ્વારા કેન્સલ કરવામાં આવ્યા હતા. અરજદારો દ્વારા એક કરતા વધુ વખત ફોર્મ ભર્યા હોવાના લીધે તેઓ એક ફોર્મ માન્ય રાખી બીજા ફોર્મ કેન્સલ કરતા હોવાથી મોટી સંખ્યામાં ફોર્મ કેન્સલ કરવામાં આવ્યા હોવાનું જાણવા મળે છે. ફોર્મ ભરવા અને ચકાસણીની કાર્યવાહી પુર્ણ થયા બાદ વિદ્યાર્થીઓની પસંદગી અને ૬ કિ.મી.ની ત્રિજ્યાના વિસ્તારમાં ઉપલબ્ધ શાળાઓમાં નિયમોને ધ્યાનમાં લઈને પ્રથમ રાઉન્ડમાં ૩૯૯૭૯ જેટલા વિદ્યાર્થીઓને પ્રવેશ ફાળવવામાં આવ્યો છે. જ્યારે પ્રથમ રાઉન્ડની ફાળવણીના અંતે ૫૧૯૧ જગ્યાઓ પસંદગીના અભાવે ખાલી રહેવા પામી છે. શિક્ષણ વિભાગ દ્વારા પ્રથમ રાઉન્ડની ફાળવણી કરવામાં આવ્યા બાદ તે અંગેની જાણ અરજદારોને SMS મારફતે કરવામાં આવી છે. ઉપરાંત એડમિટ કાર્ડમાં દર્શાવેલા અસલ દસ્તાવેજો રજૂ કરી ૨૨ એપ્રિલ સુધીમાં જે તે શાળામાં રૂબરૂ જઈ પ્રવેશ મેળવી લેવા માટે પણ સુચના આપી હોવાનું જાણવા મળે છે. જે વિદ્યાર્થીઓને પ્રથમ રાઉન્ડમાં શાળા ફાળવણી કરવામાં આવી છે તેઓ નક્કી કરેલી સમયમર્યાદામાં પ્રવેશ નહીં મેળવે તો તેમને ફાળવેલો પ્રવેશ રદ ગણવામાં આવશે. જેથી હવે પછીના રાઉન્ડમાં આવા વિદ્યાર્થીઓ પ્રવેશ માટે હકદાર રહેશે નહીં. પ્રથમ રાઉન્ડની પ્રક્રિયા પુર્ણ થયા બાદ ખાલી રહેતી જગ્યાઓ ઉપર બીજા રાઉન્ડની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

# અટકાયત કરેલા ૧૭ ક્રૂ સભ્યો સાથે ભારતીય અધિકારીઓ 'ટૂંક સમયમાં' મુલાકાત કરી શકે છે : ઈરાનનો વાયદો

નવી દિલ્હી, તા.૧૭

ઈરાને કહ્યું છે કે, તે ભારતીય અધિકારીઓને ઈઝરાયેલ સાથે જોડાયેલા જહાજ MSC Aries કબજે કર્યા પછી અટકાયતમાં લેવાયેલા ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર સાથે મળવાની 'ટૂંક સમયમાં' મંજૂરી આપશે જ્યારે આ મુદ્દો વિદેશમંત્રી એસ. જયશંકરે ઉઠાવ્યો હતો અને ઈરાન તથા ઈઝરાયેલના વિદેશમંત્રીઓ સાથે વાત કરી હતી. જયશંકર અને ઈરાનના વિદેશપ્રધાન અમીર અબ્દુલ્લાહિયાને સોમવારે નિવેદનો બહાર પાડ્યા જેમાં ઈરાનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, તેઓએ ઈરાન દ્વારા ઈઝરાયેલ ઉપરના ડ્રોન અને મિસાઈલ હુમલા અંગે ચર્ચા કરી હતી જેને તેણે ૧ એપ્રિલે ઈરાની દૂતાવાસ પર ઈઝરાયેલના હુમલાના જવાબ તરીકે ઓળખાવ્યો હતો જેમાં મોતને ભેટનારાઓમાં ૭ ઈરાની રાજદ્વારીઓ અને કમાન્ડરો સામેલ હતા. ઉપરાંત ગાઝા અને રાતા સમુદ્રની પરિસ્થિતિ અંગે વાત કરી હતી. અગાઉ તેમની વાતચીત વિશેની એક પોસ્ટમાં જયશંકરે કહ્યું કે, તેમણે તેમની વાતચીત દરમિયાન ભારતીય ક્રૂ મેમ્બર્સને મુક્ત કરવાની વાત હાથ ધરી હતી અને હુમલા અંગે પણ ચર્ચા કરી હતી. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઉપર લખ્યું કે, 'પ્રદેશની વર્તમાન પરિસ્થિતિની ચર્ચા કરી. ઉશ્કેરણી ટાળવા, સંયમ રાખવા અને મુત્સદ્દીગીરી તરફ પાછા ફરવાના મહત્ત્વ ઉપર ભાર મૂક્યો. બંને સંપર્કમાં રહેવા માટે સંમત થયા હતા.' ઈરાનના વિદેશમંત્રાલયના નિવેદનમાં જણાવાયું હતું કે, 'ડો.અમીર અબ્દુલ્લાહિયાને જણાવ્યું હતું કે, તેઓ અટકાયતમાં લેવાયેલા જહાજને લગતી વિગતોનું અનુસરણ કરી રહ્યા છે અને આ જહાજના ક્રૂ સાથે ભારત સરકારના પ્રતિનિધિઓની મુલાકાતની શક્યતા ટૂંક સમયમાં પૂરી પાડવામાં આવશે.' જયશંકરે કહ્યું કે, તેમણે ઈરાનના ડ્રોન અને મિસાઈલ હુમલાને દર્શાવતા ઈરાનના વિદેશ મંત્રી સાથે ભારતની 'ઘટનાક્રમ અંગે ચિંતા' પણ વ્યક્ત કરી હતી. જયશંકરે પોસ્ટમાં લખ્યું કે, 'ગઈકાલના ઘટનાક્રમ ઉપર અમારી ચિંતા શેર દર્શાવી. વિશાળ પ્રાદેશિક પરિસ્થિતિની ચર્ચા કરી હતી. સંપર્કમાં રહેવા માટે સંમત થયા છીએ.' અગાઉ બહાર પાડવામાં આવેલા વિદેશ મંત્રાલયના એક નિવેદનમાં પણ ઈરાનના મિસાઈલ હુમલાનો સીધો ઉલ્લેખ કરવામાં આવ્યો ન હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે, ભારત ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે વધતી દુશ્મનાવટથી ગંભીર રીતે ચિંતિત છે જે આ ક્ષેત્રમાં શાંતિ અને સુરક્ષા માટે જોખમી છે અને ઉશ્કેરણી ઓછી કરવા તથા મુત્સદ્દીગીરી માટે આહ્‌વાન કરે છે. વિદેશમંત્રાલયના નિવેદનમાં બંને દેશો સાથે ભારતના મજબૂત વ્યૂહાત્મક સંબંધોને ધ્યાનમાં રાખીને નવી દિલ્હી દ્વારા તટસ્થ અભિગમ સૂચવવામાં આવ્યો હતો જે પૂર્વ ઈઝરાયેલના રાજદ્વારી દ્વારા થોડી નિરાશા સાથે પ્રાપ્ત થયો હતો. ઈઝરાયેલના વિદેશ મંત્રીએ પોતાનો ભારતીય વિદેશનીતિના સમર્થક ગણાવીને નિરાશા સાથે જણાવ્યું કે, અમે આશા રાખી છે કે, ભારત આ હુમલાની નિંદા કરશે જેમ કે વિશ્વભરમાં ઈઝરાયેલના અન્ય ઘણા મિત્રો અને ભાગીદારો છે, અમે આશા રાખીએ કે, વિદેશમંત્રીના આહ્‌વાનમાં ઈરાનના હુમલાની નિંદોનો સમાવેશ થાય છે. ઈઝરાયેલના દૂત કાર્મોને દિલ્હીના નિવેદનથી વિપરિત અમેરિકા, તેના સાથી દેશો અને પશ્ચિમી દેશો દ્વારા હુમલાની નિંદા અને ઈઝરાયેલને સમર્થન આપવાના નિવેદનોનો ઉલ્લેખ કર્યો હતો. બીજી તરફ અબ્દુલ્લાહિયાને ઈરાનના વળતા હુમલા માટે ઈઝરાયેલના કોઈપણ દુઃસાહસ માટે અમેરિકાને ચેતવણી આપી હતી. ઈરાને જયશંકરના તણાવ ઘટાડવાના નિવેદન સામે કહ્યું કે, ઈરાન રક્ષણાત્મક કાર્યવાહી ચાલુ રાખશે અને જરૂર પડશે તો કોઈપણ નવા આક્રમણ સામે હિતોના રક્ષણ માટે જવાબ આપવામાં ખચકાશે નહીં.

# રોહિત ગોદારા કોણ છે ? : બ્રિટન સ્થિત ગેંગસ્ટર ઉપર સલમાન ખાનના ઘરની બહાર ફાયરિંગનો આરોપ

મુંબઈ, તા.૧૭

બોલીવૂડ સ્ટાર સલમાન ખાનના ઘરની બહાર ૧૪ એપ્રિલ રવિવારે વહેલી સવારે ૪:૫૫ વાગ્યે ફાયરિંગની ઘટના સામે આવી હતી. આ વચ્ચે હવે સવાલ એ છે કે, કડક સિક્યુરિટી હોવા છતાં આ ઘટના કેવી રીતે બની ? આ મામલે હવે ક્રાઈમ બ્રાંચ તપાસ કરી રહી છે. જે અંતર્ગત ૧૫ ટીમની રચના થઈ છે. ત્યારે સલમાન ખાન ગોળીબાર કેસમાં રોહિત ગોદારા નામ સામે આવ્યું છે. રોહિત ગોદારા જેલવાસ ભોગવી રહેલો ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નજીકનો સહયોગી છે. અહેવાલ અનુસાર, તે યુકેથી ગેંગની તમામ કામગીરી સંભાળે છે. NIA લાંબા સમયથી તેને ભારત લાવવાનો પ્રયાસ કરી રહી છે. રોહિત મૂળ રાજસ્થાનના બિકાનેરનો રહેવાસી છે અને તે હત્યા અને ખંડણીના ૩૫થી વધુ કેસમાં આરોપી છે. રોહિત નકલી પાસપોર્ટનો ઉપયોગ કરીને દુબઈ ભાગી ગયો હતો. આ પછી તે યુકે ગયો. NIAની પૂછપરછમાં લોરેન્સ બિશ્નોઈએ જણાવ્યું હતું તે, તેનું એક બિઝનેસ મોડલ છે. વિવિધ રાજ્યોમાં તેના બિઝનેસ મોડલને અલગ-અલગ લોકો સંભાળે છે. જેમાં રોહિત ગોદારા રાજસ્થાનનો કારોબાર સંભાળે છે. રોહિત ગોદારા કથિત રીતે ગયા વર્ષે રાષ્ટ્રીય રાજપૂત કરણી સેનાના પ્રમુખ સુખદેવસિંહ ગોગામેડીની હત્યા અને મેં ૨૦૨૨માં થયેલી પંજાબી ગાયક સિદ્ધુ મૂસેવાલા મર્ડર કેસમાં સંડોવાયેલો હતો. સલમાન ખાનના ઘરની બહાર ગોળીબાર કરનારા બંને હુમલાખોરોની તસવીર વાયરલ થઈ છે. સૂત્રના જણાવ્યા અનુસાર, હુમલોખોરો મુંબઈથી ભાગી ગયા છે. સૂત્રોએ દાવો કર્યો કે, તેના નામ વિશાલ રાહુલ ઉર્ફ કાલૂ છે. સલમાન ખાનની ઘરની બહાર થયેલા ગોળીબારના કેટલાક કલાક પછી અનમોલ બિશ્નોઈએ આ ઘટનાની જબાદારી લીધી હતી. અનમોલે આ સાથે સલમાન ખાનને ધમકી પણ આપી છે. તેણે લખ્યું છે કે, આ પહેલી અને છેલ્લી ચેતવણી હતી, બીજી વખતે ઘર ઉપર ગોળીબાર કરવામાં નહીં આવે.

# ભારતમાં ૩૬ લોકપ્રિય પ્રોટીન સપ્લીમેન્ટ્સમાં ૭૦% ખોટી રીતે માહિતી આપવામાં આવી છે, તે પૈકી ૧૪%માં ઝેરી તત્ત્વોનું પ્રમાણ જોવા મળ્યું છે

**આ અભ્યાસના વિશ્લેષણ મુજબ તપાસવામાં આવેલ ૩૬ સપ્લીમેન્ટ્સમાંથી આશરે ૭૦ ટકામાં તેમની પ્રોટીન સામગ્રી અંગે અચોક્કસ માહિતી આપવામાં આવી હતી**

(એજન્સી) તા.૧૭

ભારતમાં ઉપલબ્ધ ૩૬ લોકપ્રિય પ્રોટીન પાઉડર અંગે હાથ ધરવામાં આવેલા તાજેતરના અભ્યાસ વિશ્લેષણમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતી આ પ્રોડક્ટની ગુણવત્તા, લેબલિંગ સચોટતા અને જાહેરાત કરવામાં આવતા દાવાઓ અંગે ચિંતા દર્શાવવામાં આવી છે. પીઅર-રિવ્યુડ જર્નલ મેડિસિનમાં પ્રકાશિત થયેલ આ અભ્યાસ આ પ્રોટીન પાવડરમાં જોવા મળતી વિસંગતતાઓને દર્શાવે છે. જેમાં ઘણીવાર હર્બલ અને આહાર પૂરવણીઓ જેમ કે વિટામિન્સ, ખનિજો અને અન્ય કુદરતી અથવા કૃત્રિમ ઘટકો હોય છે. આ પ્રોટીન સપ્લિમેન્ટ્સનો ઉપયોગ સામાન્ય રીતે બોડી બિલ્ડિંગ માટે અને પ્રોટીન અને એમિનો એસિડના શુદ્ધ સ્ત્રોત સાથે પ્રોટીનની જરૂરિયાતોને પહોંચી વળવા માટે આહાર સહાય તરીકે થાય છે. આ વિશ્લેષણ મુજબ તપાસવામાં આવેલ ૩૬ સપ્લીમેન્ટ્સમાંથી આશરે ૭૦ ટકામાં તેમની પ્રોટીન સામગ્રી અંગે અચોક્કસ માહિતી આપવામાં આવી હતી. કેટલીક બ્રાન્ડ્સ જે દાવો કરે છે, તે પ્રોટીન સામગ્રીમાંથી માત્ર અડધી સામગ્રી મળતી હોવાનું જણાયું હતું. વધુમાં આશરે ૧૪ ટકા નમૂનાઓમાં હાનિકારક ફંગલ અફલાટોક્સિન મળી આવ્યા હતા, જ્યારે ૮ ટકામાં જંતુનાશક અવશેષો જોવા મળ્યા હતા. અભ્યાસના લેખકોએ આ પ્રોટીન-આધારિત હર્બલ અને આહાર પુરવણીઓનું માર્કેટિંગ કરવામાં આવે તે પહેલાં કડક ચકાસણી, નિયમન અને મૂળભૂત સલામતી અભ્યાસની જરૂરિયાત ઉપર ભાર મૂક્યો હતો. તેઓએ પ્રકાશિત સાહિત્યમાં વ્યાપકપણે ઉપયોગમાં લેવાતા આ ઉત્પાદનો અને ખાસ કરીને પ્રોટીન-આધારિત ઉત્પાદનોના સક્રિય અને સંભવિત વિશ્લેષણના અભાવ ઉપર ચિંતા વ્યક્ત કરી હતી. વિશ્વભરના વિવિધ સંશોધન જૂથો અને ક્લિનિકલ એકમો તરફથી અંગને નુકસાન ખાસ કરીને હર્બલ અને આહાર પૂરવણીઓને કારણે યકૃતને નુકસાન થાય છે એવા ડેટા પણ છે, આ અભ્યાસ ખાસ કરીને પ્રોટીન સપ્લિમેન્ટ્સ ઉપર સમાન વિશ્લેષણની જરૂરિયાત દર્શાવે છે. આ અભ્યાસના તારણો સલામત ખોરાક અથવા પૂરક વિકલ્પો પસંદ કરતી વખતે પારદર્શક માહિતી મેળવવામાં નિયમનકારી પડકારો અને ગ્રાહક અધિકારોના મહત્વ ઉપર પ્રકાશ પાડે છે. તે ખોરાક અને આહાર પૂરવણીઓના સંભવિત લાભો અને નુકસાન વિશે લોકોને શિક્ષિત કરવા ઉપર તબીબી સમુદાયના અભાવને પણ દર્શાવે છે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન મનસુખ માંડવિયાએ ગયા વર્ષે ઓગસ્ટમાં લોકસભામાં એક પ્રશ્નનો જવાબ આપતાં કહ્યું હતું કે, ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (FSSAI)એ ૨૦૨૨માં પ્રોટીન પાઉડર અને આહાર પુરવણીઓ સહિત બિન-અનુરૂપ ખોરાકના નમૂનાઓ સાથે સંબંધિત નોંધપાત્ર સંખ્યામાં સિવિલ અને ફોજદારી કેસ દાખલ કર્યા હતા. આ ઉદ્યોગમાં ખાદ્ય સુરક્ષા અને નિયમનકારી અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આજે ગ્રાહકો આરોગ્ય અને ફિટનેસને પ્રાથમિકતા આપી રહ્યા છે, ત્યારે નિયમનકારી સંસ્થાઓ અને ઉત્પાદકો માટે ગુણવત્તાના ધોરણોને જાળવી રાખવા અને આ સપ્લિમેન્ટ્સ ઉપર આધાર રાખતી વ્યક્તિઓની સુખાકારીને સુરક્ષિત રાખવા માટે સચોટ માહિતી પ્રદાન કરવી નિર્ણાયક બની જાય છે.

# મેટ્રો ટ્રેનમાં ગુંજ્યો ''મતદાન જાગૃત્તિ'' અભિયાનનો નાદ

અમદાવાદ, તા.૧૭

અમદાવાદ શહેરના મેટ્રો સ્ટેશન તથા મેટ્રો ટ્રેનમાં 'મતદાન જાગૃતિ' અભિયાન અંતર્ગત વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત યુવાનો દ્વારા મેટ્રો સ્ટેશન ખાતે 'મતદાન જાગૃતિ' અંગે આકર્ષક રંગોળી કંડારવામાં આવી હતી. પ્રથમ વખતના યુવા મતદારોએ ગુજરાત યુનિવર્સિટીથી વસ્ત્રાલ સુધી મેટ્રો ટ્રેનમાં મુસાફરી કરી હતી. તે દરમ્યાન નાગરિકો સાથે મતદાન કરવા મુદ્દે સંવાદ સાધ્યો હતો. યુવાનોએ મતદાન પર્વના મહત્ત્વ વિશે લોકોને સમજ આપી હતી. આ ઉપરાંત ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી તમામ વ્યવસ્થાઓ, હેલ્પલાઈન નંબર, સક્ષમ એપ્લિકેશન વિશે પણ માહિતી પૂરી પાડી હતી. વધુમાં મતદાનની પ્રક્રિયા જેવી બાબતો વિશે પણ માહિતી આપી હતી.

# ઈરાન-ઈઝરાયેલ તણાવ વચ્ચે ઈઝરાયેલમાં નોકરી માટે કરવા માટે ભરતી કરાયેલા હજારો ભારતીય કામદારો માટે સુરક્ષાની ચિંતા




લખનૌ, તા.૧૭

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેના યુદ્ધના વાદળો વચ્ચે ઈઝરાયેલમાં કામ માટે ભરતી કરાયેલા ૫૦૦૦થી વધુ ભારતીયોનું ભાવિ અનિશ્ચિત છે, નિષ્ણાતોએ આ સમયે ભરતીને મંજૂરી આપવા બદલ સરકારના નિર્ણય ઉપર પ્રશ્ન કર્યો હતો. વિદેશ મંત્રાલય (MEA) દ્વારા જારી કરાયેલ એડવાઈઝરીમાં તમામ ભારતીયોને ઈરાન કે ઈઝરાયલના બોમ્બમારા માટે બદલો લેવાની ધમકી આપ્યા બાદ બંને દેશો વચ્ચે વધતા તણાવને ધ્યાનમાં રાખીને આગામી સૂચના સુધી ઈરાન અથવા ઈઝરાયેલની મુસાફરી ન કરવા જણાવ્યું હતું. ઈરાન દ્વારા જપ્ત કરવામાં આવેલા ઈઝરાયેલના કાર્ગો જહાજમાં ૨૫ ક્રૂ સહિત ૧૭ ભારતીયો છે.

નેશનલ સ્કીલ ડેવલપમેન્ટ કાઉન્સિલ (NSDC) દ્વારા ઈઝરાયેલની વસ્તી, ઈમિગ્રેશન એન્ડ બોર્ડર ઓથોરિટી (PIBA) દ્વારા સુવિધાયુક્ત પ્રક્રિયા પછી ઓછામાં ઓછા ૫૦૦ ભારતીયોને ભાડે લેવામાં આવ્યા છે, તેઓ ૨ એપ્રિલથી ઈઝરાયેલ ગયા છે. ઉન્નાવ સ્થિત સતીશકુમાર, જેઓ ૩૨૫ ભારતીયોના સમૂહમાં સામેલ હતા, જેઓ ૧૬ એપ્રિલે ભારત છોડવાના હતા, તેઓ કહે છે કે તાજેતરમાં અમને જાણ કરવામાં આવી હતી કે, વધતા તણાવને ધ્યાનમાં રાખીને, બધી યોજનાઓ આગળની સૂચના સુધી અટકાવી દેવામાં આવી છે. અમને ખાતરી આપવામાં આવી છે કે, ફ્લાઈટ ટિકિટો અને અન્ય ચાર્જીસ માટે અમારા દ્વારા ચૂકવવામાં આવેલ રૂા.૬૬,૮૦૦ ગુમાવીશું નહીં, આ વિલંબ અસ્થાયી છે, પરંતુ હું ખૂબ જ ચિંતિત છું. તેમણે કહ્યું કે, તેણે એક સંબંધી પાસેથી લોન લીધી હતી. ઈઝરાયેલી એજન્સી દ્વારા ઓફર કરવામાં આવેલી શરતો અનુસાર, કામદારોએ તેમના પોતાના ખર્ચે મુસાફરી કરવાની છે અને તેઓને તેલ અવીવમાં ઉતર્યા પછી જ કરાર મળશે. PIBA વેબસાઈટ ઉપર વીમો, રહેઠાણ અને ભોજનની વ્યવસ્થા એમ્પ્લોયર દ્વારા કરવામાં આવશે પરંતુ તેમના ખર્ચ કામદારોના પગારમાંથી બાદ કરવામાં આવશે. તેમ છતા હજારો લોકોએ સુથારકામ, વેલ્ડિંગ, પ્લાસ્ટરિંગ માટે સૂચિબદ્ધ આશરે ૧૦,૦૦૦ લોકોએ નોકરીઓ માટે અરજી કરી હતી. ઈઝરાયેલના અધિકારીઓ છેલ્લા કેટલાક મહિનાઓથી ભરતી પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે દબાણ કરી રહ્યા હતા, હમાસ દ્વારા ઓક્ટોબર ૭ના હુમલા પછી મજૂર વર્ગ ઘટી ગયો છે કારણ કે, નેતાન્યાહુ સરકારે એક લાખથી વધુ પેલેસ્ટીની કામદારો માટે પ્રવેશ પરમિટ રદ કરી હતી. પરિણામે ઈઝરાયેલમાં રોજગાર માટે મંજૂર કરાયેલા ભારતીય કામદારોના જૂથો દરરોજ કોમર્શિયલ ફ્લાઈટ્સમાં તેલ અવીવ જઈ રહ્યા છે. એક સત્તાવાર ઈઝરાયેલ સરકારના નિવેદનની જાહેરાત કરવામાં આવી હતી કે, એપ્રિલ અને મે દરમ્યાન ૬૦૦૦થી વધુ ભારતીય કામદારો ઈઝરાયેલ પહોંચશે, સરકારે કામદારો માટે ટિકિટવાળી ચાર્ટર્ડ ફ્લાઈટ્સને મંજૂરી આપી છે. ઈઝરાયેલની ઉત્તરીય સીમા ઉપર હિઝબુલ્લાહ રોકેટ હુમલામાં એક ભારતીય માર્યા ગયા અને બે ઘાયલ થયા પછી ઈઝરાયેલમાં ભારતીય દૂતાવાસ દ્વારા કામદારોની સલામતી અંગે સલાહ આપવામાં આવી છે અને MEA પ્રક્રિયાને સરળ બનાવવામાં મદદ કરી રહ્યું છે.

ઈરાન અને સંયુક્ત આરબ અમીરાતના પૂર્વ રાજદૂત, કે.સી. સિંઘે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકાર ઘણા મહિનાઓથી પ્રદેશમાં આ તણાવ વિશે જાણે છે. તો આ સમયે કામદારોને ત્યાં મોકલવાનું નૈતિક રીતે કેટલું વાજબી છે. તેમણે પેલેસ્ટીનીઓના સ્થાને કામદારોની ઈઝરાયેલની વિનંતીને સ્વીકારવાના સરકારના નિર્ણય ઉપર પણ પ્રશ્ન ઉઠાવ્યો હતો, કારણ કે, ૮૦ લાખ ભારતીયો બાકીના ગલ્ફ પ્રદેશમાં કામ કરે છે, કામદારોને ઈઝરાયેલ જવાની મંજૂરી આપીને, તેઓ આ પ્રદેશમાં ભારત વિરોધી લાગણીના બીજ વાવી રહ્યા છે. લગભગ ૧૮,૦૦૦ ભારતીયો હાલમાં ઈઝરાયેલમાં રહે છે, ત્યાં કામ કરે છે અથવા તેમનો અભ્યાસ કરે છે. વધુમાં સરકારી ભરતી પ્રક્રિયા શરૂ થાય તે પહેલાં એક હજારથી વધુ કામદારોએ ખાનગી વ્યક્તિગત કરાર ઉપર છેલ્લા કેટલાક મહિનામાં ત્યાં ગયા છે. ઈરાન-ઈઝરાયેલ તણાવ આગામી થોડા મહિનામાં ઓછો થઈ શકે છે, પરંતુ પ્રી-ઈન્શ્યોરન્સની ખાતરી કરવી, સલામતી સરકાર માટે લાંબાગાળાની પ્રાથમિકતા હોવી જોઈએ.

## ગુજરાતની ૨૬ લોકસભાની બેઠકના ઉમેદવારો

| બેઠક | ભાજપ | કોંગ્રેસ |
|---|---|---|
| કચ્છ (SC) | વિનોદ ચાવડા | નીતેષ લાલણ |
| બનાસકાંઠા | ડૉ રેખાબેન ચૌધરી | ગેનીબેન ઠાકોર |
| પાટણ | ભરતસિંહ ડાભી | ચંદનજી ઠાકોર |
| મહેસાણા | હરિભાઈ પટેલ | રામજી ઠાકોર |
| સાબરકાંઠા | શોભના બારૈયા | તુષાર ચૌધરી |
| ગાંધીનગર | અમિત શાહ | સોનલ પટેલ |
| અમદાવાદ પૂર્વ | હસમુખ પટેલ | હિંમતસિંહ પટેલ |
| અમદાવાદ પશ્ચિમ (SC) | દિનેશ મકવાણા | ભરત મકવાણા |
| સુરેન્દ્રનગર | ચંદુભાઈ શિહોરા | ઋત્વિક મકવાણા |
| રાજકોટ | પરુષોત્તમ રુપાલા | પરેશ ધાનાણી |
| પોરબંદર | મનસુખ માંડવિયા | લલિત વસોયા |
| જામનગર | પૂનમબેન માડમ | જે.પી.મારવિયા |
| જૂનાગઢ | રાજેશભાઈ ચુડાસમા | હિરા જોટવા |
| અમરેલી | ભરતભાઈ સુતરીયા | જેની ઠુંમર |
| ભાવનગર | નીમુંબેન બામભણિયા | ઉમેશ મકવાણા(AAP) |
| આણંદ | મિતેશ પટેલ | અમિત ચાવડા |
| ખેડા | દેવુસિંહ ચૌહાણ | કાળુસિંહ ડાભી |
| પંચમહાલ | રાજપાલસિંહ જાદવ | ગુલાબસિંહ ચૌહાણ |
| દાહોદ (ST) | જસવંતસિંહ ભાભોર | ડૉ.પ્રભા તાવિયાડ |
| વડોદરા | ડો.હેમાંગ જોશી | જસપાલસિંહ પઢિયાર |
| છોટા ઉદેપુર (ST) | જશુભાઈ રાઠવા | સુખરામ રાઠવા |
| ભરૂચ | મનસુખ વસાવા | ચૈતર વસાવા(AAP) |
| બારડોલી (ST) | પ્રભુભાઈ વસાવા | સિદ્ધાર્થ ચૌધરી |
| સુરત | મુકેશ દલાલ | નિલેશ કુંભાણી |
| નવસારી | સીઆર પાટીલ | નૈષદ દેસાઈ |
| વલસાડ (ST) | ધવલ પટેલ | અનંત પટેલ |

### આદિત્ય શ્રીવાસ્તવે ઓલ ઈન્ડિયા રેંક ૧ હાંસલ કર્યો

# UPSC સિવિલ સર્વિસીસ ૨૦૨૪નું પરિણામ જાહેર

**પરિણામ ચકાસવાના પગલાં કમિશનની સત્તાવાર વેબસાઈટ https://upsc.gov.in/ પર આપવામાં આવ્યા છે**

અમદાવાદ, તા.૧૭

દેશની સૌથી અઘરી પરીક્ષા એટલે કે UPSC સિવિલ સર્વિસીસ ૨૦૨૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જે ઉમેદવારોએ ઈન્ટરવ્યુ આપ્યો હતો તેઓ સત્તાવાર વેબસાઈટની મુલાકાત લઈને પરિણામ ચકાસી શકે છે. પરિણામ ચકાસવાના પગલાં કમિશનની સત્તાવાર વેબસાઈટ https://upsc.gov.in/ પર આપવામાં આવ્યા છે. આ વખતે આદિત્ય શ્રીવાસ્તવે સિવિલ સર્વિસની પરીક્ષામાં ટોપ કર્યું છે. તે જ સમયે, અનિમેષ પ્રધાન બીજા સ્થાને છે. જ્યારે ડોનુરૂ અનન્યા રેડ્ડી ત્રીજા સ્થાને છે. કુલ ૧૦૧૬ ઉમેદવારોની આખરે પંચ દ્વારા પસંદગી કરવામાં આવી છે.

૧૦૧૬ માંથી ૧૮૦ IAS માટે પસંદ કરવામાં આવ્યા હતા . જ્યારે ૨૦૦ IPS માટે પસંદગી પામ્યા છે. આદિત્ય શ્રીવાસ્તવે ઓલ ઈન્ડિયા રેંક ૧ હાંસલ કર્યો છે. આ વર્ષે, UPSC CSE-૨૦૨૩ પરીક્ષા માટે ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે ત્રણ તબક્કામા UPSC ઈન્ટરવ્યુ લેવામાં આવ્યા હતા. આ વ્યક્તિત્વ કસોટીમાં કુલ ૧૦૨૬ ઉમેદવારોએ પરીક્ષા આપી હતી. UPSC CSE ૨૦૨૩ ની પ્રિલિમ પરીક્ષા ૨૮ મેના રોજ યોજાઈ હતી.

છેલ્લા પાંચ વર્ષમાં મહિલાઓની સફળતાનો દર વધ્યો છે . ૨૦૧૮ અને ૨૦૧૯માં મહિલાઓની પાસ થવાની ટકાવારી ૨૪% હતી. ૨૦૨૦ માં તે ૨૯% પર પહોંચી ગયો. જ્યારે ૨૦૨૧માં તે ૩ પોઈન્ટ ઘટીને ૨૬% થઈ ગયો. આ સિવાય ૨૦૨૨માં આ આંકડો ફરી એકવાર ૩૪% પર હતો. ગયા વર્ષે ૯૩૩ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી, જેમાં ૩૨૦ મહિલાઓ હતી.ઉમેદવારો તેમની પરીક્ષા સંબંધિત કોઈપણ માહિતી માટે સંપર્ક કરી શકે છે. જેનો ટેલિફોન નંબર છે: ૦૧૧-૨૩૩૮૫૨૭૧ / ૨૩૩૮૧૧૨૫ / ૨૩૦૯૮૫૪૩. સગવડતા કાઉન્ટર તમામ કામકાજના દિવસોમાં સવારે ૧૦.૦૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે.

મી મેના રોજ યોજાઈ હતી. પ્રિલિમ્સમાં પાસ થયેલા વિદ્યાર્થીઓએ મુખ્ય પરીક્ષા સપ્ટેમ્બરમાં યોજી હતી. આ પછી, મેન્સનું પરિણામ ૮મી ડિસેમ્બરે જાહેર કરવામાં આવ્યું હતું. મેન્સ માટે પર્સનાલિટી ટેસ્ટ ૨ જાન્યુઆરીથી ૯ એપ્રિલની વચ્ચે હાથ ધરવામાં આવ્યા હતા.

ઈશિતા કિશોરે ૨૦૨૨માં ટોપ કર્યું હતું. જ્યારે ગરિમા લોહિયા બીજા સ્થાને રહી હતી. આ પછી ઉમા હારાથી એન અને સ્મૃતિ મિશ્રા આવ્યા હતા. જ્યારે વર્ષ ૨૦૨૧માં ટોપર શ્રુતિ શર્મા હતી, ત્યાર બાદ ટોપ ત્રણ રેંકમાં અંકિતા અગ્રવાલે AIR ૨ અને ચંદીગઢની ગામિની સિંગલાએ ૩ રેંક હાંસલ કર્યો હતો.સિવિલ સર્વિસ પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોને UPSC દ્વારા વિવિધ સરકારી વિભાગોમાં ૧,૧૦૫ જગ્યાઓ પર ભરતી કરવામાં આવશે . ભરતી દ્વારા, ભારતીય વહીવટી સેવા (IAS), ભારતીય વિદેશ સેવા (IFS), ભારતીય પોલીસ સેવા (IPS), ભારતીય મહેસૂલ સેવા (IRS) અને અન્ય કેન્દ્રીય સેવાઓ અને પોસ્ટ્સ પર નિમણૂકો કરવામાં આવશે.

# એમ.સી.એમ.સી.ની કામગીરીની સમીક્ષા કરતા જીલ્લા ચૂંટણી અધિકારી અનિલકુમાર રાણાવસિયા



જૂનાગઢ, તા.૧૭

જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ મીડિયા સર્ટિફિકેશન એન્ડ મોનિટરિંગ કમિટિ (એમ.સી.એમ.સી.)ની કામગીરીની સમીક્ષા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

જિલ્લા ચૂંટણી અધિકારીએ લોકસભા સામાન્ય તથા વિધાનસભા પેટા ચૂંટણી અંતર્ગત ખાસ કરીને ઉમેદવારો દ્વારા પ્રચાર હેતુ માટે મીડિયામાં જાહેરાતોના પૂર્વ પ્રમાણિકરણ માટેની વ્યવસ્થા અને થયેલ કામગીરીનો વિગતો પી.પી.ટી.નાં માધ્યમથી મેળવી હતી. આ સાથે ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ અને સમયમર્યાદમાં કામગીરી કરવામાં આવે તે અંગે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું.

ઉપરાંત લોકશાહીના મહાપર્વમાં દરેક મતદાતા મતદાન કરીને ચૂંટણી પર્વમાં મોટી સંખ્યામાં સહભાગી બને તે માટે સ્વીપ અંતર્ગત જુદા-જુદા રચાનાત્મક કાર્યક્રમો લોકો સુધી વધુને વધુ પહોંચે અને મહત્તમ મતદાન થાય તે દિશામાં પ્રસિદ્ધીની કામગીરી કરવા માટે જરૂરી માર્ગદર્શન - સૂચનો આપ્યા હતા. આ બેઠકમાં એમસીએમસીના સભ્ય સચિવ અને મીડિયા નોડલ ઓફિસર પારૂલબેન આડેસરાએ એમસીએમસી અને સ્વીપ અંતર્ગત થયેલ કામગીરીની વિગતો આપી હતી.

આ બેઠકમાં જિલ્લા માહિતી કચેરીના સિનિયર સબ એડિટરશ્રી ક્રિષ્નાબેન સિસોદિયા, માહિતી મદદનીશ રોહિતભાઈ ઉસદડ વગેરે કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગીર સોમનાથ : આઈ.પી.એલ. ક્રીકેટ મેચ ઉપર સટ્ટો રમતા ઈસમને પકડી પાડતી લોકલ ક્રાઈમ બ્રાન્ચ

(પ્રતિનિધિ દ્વારા)

ગીર સોમનાથ, તા.૧૭

જૂનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ પોલીસ અધિક્ષક મનોહરસિંહ એન. જાડેજાના આગામી આવનાર લોકસભા ચુંટણી - ૨૦૨૪ અનુસંધાને જીલ્લામાં કાયદો અને વ્યવસ્થાની જાળવણીના ભાગરૂપે શરીર સબંધી તથા મિલ્કત સબંધી ડીટેકશન તથા જુગાર/પ્રોહિબિશનની ગેરકાયદેસર પ્રવૃતિ નેસ્તનાબુદ કરવા સુચના કરેલ હોય, જે અનુસંધાને એલ.સી.બી.ના ઈ.ચા.પો.ઈન્સ.એ.બી.જાડેજાના માર્ગદર્શન મુજબ પો.સબ ઈન્સ. એ.બી.વોરા તથા ટીમના માણસો પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન એ.એસ.આઈ. શૈલેષભાઈ ડોડીયા તથા પો. હેડ કોન્સ. લલીતભાઈ ચુડાસમાને મળેલ સંયુકત બાતમી આધારે ઉતમભાઈ અશોકભાઈ સોલંકી, ઉ.વ.૨૮, ધંધો પ્રા.નોકરી, રહે.કોડીનાર એકતા ચોક તથા હાર્દીકભાઈ અપારનાથી રહે.કોડીનાર છારા જાપા.(પકડવાનો બાકી) એકતા ચોક પાસે આઈ.પી.એલ. ક્રીકેટ મેચ ઉપર સટ્ટો રમતો હોય જે બાબતે રેઈડ કરી કોડીનાર પો.સ્ટે. ગુ.ર.નં.૭૮૯/૨૦૨૪ જુ.ધા. કલમ ૧૨ મુજબ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ હતી. આ કામગીરીમા એલ.સી.બી. ઈ.ચા.પો.ઈન્સ. એ.બી.જાડેજા, પો.સબ ઈન્સ., એ.બી.વોરા, એ.એસ.આઈ., શૈલેષભાઈ ડોડીયા, પો.હેડ કોન્સ. લલીતભાઈ ચુડાસમા જોડાયા હતા.

### ડોનાલ્ડ ટ્રમ્પ સામે ક્રિમિનલ કેસ શરૂ

# અમેરિકાના ઈતિહાસમાં પહેલી વખત પૂર્વ પ્રેસિડન્ટ સામે ક્રિમિનલ કેસ ચાલશે

**ભૂતપૂર્વ પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે સેક્સ સ્કેન્ડલને ઢાંકવા બિઝનેસના રેકોર્ડમાં ચેડા કર્યા હોવાના આરોપો લાગ્યા**

વોશિંગ્ટન, તા.૧૭

ડોનાલ્ડ ટ્રમ્પ આ વર્ષે ફરી એક વખત પ્રેસિડન્ટની ચૂંટણી લડવાના છે અને દુનિયાના સૌથી શક્તિશાળી વ્યક્તિ બનવાનો ઈરાદો ધરાવે છે, ત્યારે ક્રિમિનલ ટ્રાયલના કારણે તેમની પ્રતિષ્ઠા ખરડાશે તે નક્કી છે. મુશ્કેલી એ છે કે ટ્રમ્પ અત્યારે ચૂંટણીનો પ્રચાર પણ કરે છે અને સાથે સાથે પોતાના કેસ માટે પણ તૈયારી કરવી પડે છે.

ડોનાલ્ડ ટ્રમ્પે આ કેસમાંથી જજ જુઆન મર્ચેનને હટાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમાં સફળતા નથી મળી. જજે જાહેરાત કરી દીધી કે તેઓ આ કેસમાં ચાલુ રહેશે. જજની દીકરી ડેમોક્રેટિક પાર્ટીની રાજકીય કન્સલ્ટન્ટ હતી તેવું જણાવીને ટ્રમ્પે તેમને આ કેસમાંથી હટાવવાનો પ્રયાસ કર્યો હતો જે નિષ્ફળ રહ્યો છે. જજનું એવું કહેવું છે કે તેમની દીકરી ટ્રમ્પના વિરોધીઓ માટે કામ કરતી હોય તેનાથી તેમને કોઈ લેવાદેવા નથી. એટલે કે ટ્રમ્પ સામે તેમનો કોઈ છુપો એજન્ડા નથી. હવે ટ્રમ્પ સામે કેસ ચલાવવા માટે જ્યુરીને પસંદ કરવામાં આવશે જેમાં લગભગ બે અઠવાડિયાનો સમય લાગી શકે છે. ત્યાર પછી જૂન મહિનામાં ટ્રાયલ શરૂ થઈ શકે છે.

ડોનાલ્ડ ટ્રમ્પ માટે આ બહુ શરમજનક સ્થિતિ હશે કારણ કે તેઓ પોતાના જે ભૂતકાળને દફન કરી દેવા માગતા હતા, તે ભૂતકાળ તેમની સમક્ષ ફરીથી રજુ કરવામાં આવશે. ટ્રમ્પના ભૂતપૂર્વ સાથીદાર માઈકલ કોહેને સ્ટોર્મી ડેનિયલ નામની એક એડલ્ટ સ્ટારને પોતાના સેક્સ સંબંધો અંગે ચૂપ રહેવા માટે ૧.૩૦ લાખ ડોલર ચૂકવ્યા હતા. ટ્રમ્પ અને સ્ટોર્મી વચ્ચે એક દાયકા અગાઉ જાતીય સંબંધો હતા અને તેના વિશે ચૂપ રહેવા માટે તેને તગડી રકમ ચૂકવવામાં આવી હતી. ટ્રમ્પે પોતાની સામેના આરોપો નકારી કાઢ્યા છે. ટ્રમ્પને અગાઉ આ કેસના સાક્ષીઓ વિશે કોઈ પણ ટિપ્પણી કરવાની ના પાડવામાં આવી હતી. છતાં ટ્રમ્પે સોશિયલ મીડિયા પર કોમેન્ટ કરી હતી. તેના કારણે તેમને ૩૦૦૦ ડોલરનો દંડ કરવા પ્રોસિક્યુટરે જજને વિનંતી કરી હતી. ગયા અઠવાડિયે ટ્રમ્પે સ્ટોર્મી ડેનિયલ અને માઈકલ કોહેન સામે પણ આરોપો કર્યા હતા.

હવે ટ્રમ્પ સામે કેસ ચલાવવા માટે ૧૨ સભ્યોની જ્યુરી પસંદ કરવામાં આવશે. ટ્રમ્પ સામે કુલ ચાર ક્રિમિનલ કેસ થવાના છે જેમાંથી આ કેસ સૌથી ઓછો ગંભીર ગણવામાં આવે છે. પરંતુ આ એવો કેસ છે જે પાંચમી નવેમ્બરે પ્રેસિડન્ટની ચૂંટણી થાય તે અગાઉ શરૂ થશે, જ્યારે બાકીના કેસ ઈલેક્શન પછી શરૂ થવાના છે. ટ્રમ્પ આ કેસમાં દોષિત થશે તો તેઓ પ્રેસિડન્ટ તરીકે હોદ્દો તો સંભાળી શકે, પરંતુ ચૂંટણીમાં જ તેઓ હારી જાય તેવી શક્યતા વધારે છે.

અમેરિકન પ્રેસિડન્ટ રહી ચૂકેલા ટ્રમ્પ બોલવામાં પણ ભાન નહોતા રાખતા તેવું કહેવાય છે. ૨૦૦૫માં તેઓ એવું બોલી ગયેલા કે મહિલાઓને પૂછ્યા વગર તેમને મન ફાવે તેમ પકડી લેવી જોઈએ. આ વાતચીતના રેકોર્ડિંગ પણ હાજર છે. જોકે, કોર્ટમાં આ રેકોર્ડિંગ પ્લે કરવામાં નહીં આવે. ૨૦૧૬માં ટ્રમ્પ ચૂંટણી પ્રચારના ફાઈનલ સ્ટેજમાં હતા ત્યારે આ રેકોર્ડિંગ જાહેર થયા હતા.

# માણાવદરની પીએચસી હોસ્પિટલમાં ચાર માસથી ડાયાબીટીસની દવા જ નથી

માણાવદર તા.૧૭

માણાવદર શહેર તથા ૫૫ ગામો માટે રજવાડાના વખતની સરકારી હોસ્પિટલ છે તેમાં રીનોવેશન કરાયું અને હવે નવી હોસ્પિટલ ઉભી કરવા કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવી તે બની નથી પરંતુ જે હયાત હોસ્પિટલમાં કરોડોના ખર્ચ થાય છે પરંતુ દર્દીઓને મુખ્ય દવાઓ નહિ મળતી હોવાની પ્રજાજનોમાંથી વ્યાપક ફરીયાદો મળે છે. ત્યારે છેલ્લા ચાર માસથી ડાયાબીટીસની દવા ન હોવાની શહેરીજનોમાંથી લોક ફરીયાદ ઉઠવા પામી છે. સ્થાનિક તંત્ર દર્દીઓને કહે છે કે ઉપર લખેલ છે પરંતુ દવા હજુ આવી નથી. ત્યારે ઉપરી આરોગ્ય અધિકારી કે જવાબદાર કોણ છે? તે પ્રશ્ન પ્રજામાં ચર્ચાય છે. આમ ડાયાબીટીસની દવા ન હોવાને લીધે તંત્રના વાંકે પ્રજાને તેના પરિણામ ભોગવવા પડી રહયા છે. જેથી તાત્કાલીક ધોરણે માણાવદર સરકારી હોસ્પિટલમાં ડાયાબીટીસની દવાની વ્યવસ્થા કરવામાં આવે તેવી લોકમાંગણી ઉઠવા

### ટ્રેનની ગતિ ૩૫૦ કિમી પ્રતિ કલાક સુધી રહેવાની આશા છે

# દિલ્હીથી અમદવાદ વચ્ચે બુલેટ ટ્રેનનું સંચાલન શરૂ થતાં સમય ઘટશે

**ટ્રેન હિંમતનગર, ઉદયપુર, ભીલવાડા, ચિત્તોડગઢ, અજમેર, કિશનગઢ, જયપુર, રેવાડી અને માનેસર સ્ટેશનોને આવરી લેશે**

અમદાવાદ, તા.૧૭

દિલ્હીથી અમદવાદ વચ્ચે બુલેટ ટ્રેનનું સંચાલન શરૂ થતાં બંને શહેરો વચ્ચેનો સમય ૯ કલાક ઘટાડીને સાડા ૩ કલાક રહી જશે. અત્યારે આ ટ્રેન વડે કવર કરવામાં ૧૨ કલાકનો સમય લાગે છે.

જો તમે પણ મોટાભાગે ટ્રેનમાં મુસાફરી કરો છો. તો આ સમાચાર ખુશ કરી દેશે. મુંબઈ-અમદાવાદ રૂટ પર બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ ઝડપથી ચાલી રહ્યું છે. આ રૂટ પર બુલેટ ટ્રેનનું સંચાલન ૨૦૨૬ માં શરૂ થવાની આશા છે. આ સાથે જ દેશમાં વધુ એક રૂટ પર બુલેટ ટ્રેન દોડાવવાનું પ્લાનિંગ થઈ રહ્યું છે. હવે દિલ્હીથી અમદાવાદના રૂટ પર પણ બુલેટ ટ્રેન સેવા મળવાની છે. આ તેને ગુજરાતનો બીજો હાઈ સ્પીડ રેલવે પ્રોજેક્ટ બનાવી દેશે. આ ઉંચા કોરિડોર પર ૨૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલીને બંને શહેરોના વચ્ચેના અંતરને કવર કરવાવાળા ૧૨ કલાકના સમયને ઘટાડીને ફક્ત ૩.૫ કલાક કરી દેશેરેલવે દ્વારા આપવામાં આવેલા અંતિમ અહેવાલમાં કહેવામાં આવ્યું હતું કે પ્રસ્તાવિત ટ્રેન હિંમતનગર, ઉદયપુર, ભીલવાડા, ચિત્તોડગઢ, અજમેર, કિશનગઢ, જયપુર, રેવાડી અને માનેસર સ્ટેશનોને આવરી લેશે. આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપે પોતાના ઘોષણાપત્રમાં કહ્યું છે કે ઉત્તર, દક્ષિણ અને પૂર્વમાં એક-એક બુલેટ ટ્રેન દોડાવવામાં આવશે. અમદાવાદ-દિલ્હી બુલેટ ટ્રેન દેશમાં કનેક્ટિવિટી વધારવા અને પ્રવાસનને પ્રોત્સાહન આપવા કેન્દ્ર સરકાર દ્વારા આયોજિત છ નવા હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટનો એક ભાગ છે. સપ્ટેમ્બર ૨૦૨૦ માં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશનએ રેલવે લાઈનની અંતિમ ડિઝાઈન માટે બિડ પ્રોસેસ શરૂ કર્યું. તેમાં એરિયલ LiDAR સર્વેનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. એરિયલ સર્વેમાં પ્રોજેક્ટમાં તેજી લાવવા માટે જાહેરાત કરવામાં આવી હતી. હવે પ્રોજેક્ટ અંતિમ એપ્રૂવલ મળવાની આશા છે. રેલવે અધિકારીઓએ કહ્યું કે અમદાવાદ અને દિલ્હી વચ્ચે લગભગ ૯૦૦ કિમી લાંબો એલિવેટેડ કોરિડોર બંને શહેરો વચ્ચેની યાત્રાનો સમય નવ કલક સુધી ઓછો કરી દેશે.

રેલવે દ્વારા ટ્રેકને હાલના રેલવે નેટવર્કની સાથે તૈયાર કરવામાં આવશે. અધિકારીએ જણાવ્યું હતું કે જમીન સંપાદનનું કામ ઓછું થાય તે માટે આ માર્ગ પસંદ કરવામાં આવ્યો હતો. આટલા મોટા પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે જમીન સંપાદનમાં સૌથી વધુ સમય લાગે છે. આમાં વ્યક્તિને અનેક પ્રકારના કેસનો સામનો પણ કરવો પડે છે. ટાઈમ્સ ઓફ ઈન્ડિયામાં છપાયેલા સમાચાર મુજબ, ટ્રેન સેવા સાબરમતી સ્ટેશનથી શરૂ થશે, જ્યાં તમામ પ્રકારના રૂટ મળે છે. રસ્તામાં અમદાવાદ અને દિલ્હી સ્ટેશન ઉપરાંત નવ મોટા સ્ટેશન હશે. ટ્રેનની ગતિ ૩૫૦ કિમી પ્રતિ કલાક સુધી રહેવાની આશા છે. આ ટ્રેન ગુજરાત, રાજસ્થાન અને હરિયાણાના કેટલાક સિલેક્ટેડ સ્ટેશનો પર અટકશે અને પછી દિલ્હી પહોંચશે. આમ તો અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન સેવા જુલાઈ ૨૦૨૬ સુધી શરૂ થવાની આશા છે.

### ઈલોન મસ્કનું મોટું પગલું

# મસ્કે ભારતમાં બે લાખથી વધુ એક્સ એકાઉન્ટ ઉપર પ્રતિબંધ મુકયો


**રિપોર્ટ મુજબ X પ્લેટફોર્મે ૨૬ ફેબ્રુઆરીથી ૨૫ માર્ચ ૨૦૨૪ વચ્ચે ૨.૧૩ લાખ એકાઉન્ટને બંધ કર્યા છે**

વોશિંગ્ટન, તા.૧૭

ઈલોન મસ્કના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ (X)ના રિપોર્ટમાં એક ચોંકાવનાર ખુલાસો થયો છે કે X પ્લેટફોર્મે ભારતમાં ૨.૧૩ લાખ એકાઉન્ટ બંધ કર્યા છે. કંપનીની નીતિઓના ઉલ્લંઘનને કારણે આ એકાઉન્ટ્સ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે.રિપોર્ટ મુજબ X પ્લેટફોર્મે ૨૬ ફેબ્રુઆરીથી ૨૫ માર્ચ ૨૦૨૪ વચ્ચે ૨.૧૩ લાખ એકાઉન્ટને બંધ કર્યા છે. આ એકાઉન્ટ્સ પર કાર્યવાહી કરવામાં આવી છે કેમકે તેમાથી કંપનીની નીતિઓ વિરુદ્ધ પોસ્ટ થઈ રહી હતી. આમાંથી કેટલાક એકાઉન્ટ અશ્લીલતા ફેલાવતા હતા અને કેટલાક આતંકવાદી પ્રવૃત્તિઓમાં સામેલ હતા. રિપોર્ટ અનુસાર, X પ્લેટફોર્મે કુલ ૨,૧૨,૬૨૭ એકાઉન્ટ્સ પર કાર્યવાહી કરી છે. આ એકાઉન્ટ્સ ગેરકાયદેસર અને હાનિકારક સામગ્રી સાથે સંકળાયેલા હતા. આ સિવાય ભારતમાં આતંકવાદને પ્રોત્સાહન આપતા ૧,૨૩૫ એકાઉન્ટ પણ મળી આવ્યા છે.

ઈન્ટરનેટની દુનિયામાં ઘણા લોકો આ સ્વતંત્રતાનો દુરુપયોગ કરે છે. આવી સ્થિતિમાં યુઝર્સ મનમાની કરતા હોય છે. X પ્લેટફોર્મ આવી પ્રવૃત્તિઓને અવગણશે નહીં અને આ એકાઉન્ટ્સને બંધ કરશે. આ પહેલીવાર નથી કે એક્સ દ્વારા એકાઉન્ટ પર કાર્યવાહી કરવામાં આવી હોય. અગાઉ પણ આવી કાર્યવાહી કરવામાં આવી છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ દર મહિને તેનો અનુપાલન રિપોર્ટ જાહેર કરે છે. જેમાં યુઝર્સની સુરક્ષા માટે લેવામાં આવેલા પગલાઓનો ઉલ્લેખ કરવામાં આવે છે. કંપની એ પણ જણાવે છે કે કેટલા એકાઉન્ટ વિરુદ્ધ કાર્યવાહી કરવામાં આવી છે. માત્ર X જ નહીં, અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પણ આવી રિપોર્ટ જાહેર કરે છે.

# ખંભાળિયા અને કલ્યાણપુરના આરોપીઓએ ગાયક કલાકાર પાસેથી ખંડણી માંગતા પોલીસ દ્વારા અટકાયત



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તથા કલ્યાણપુરના ત્રણ લવર મૂંછીયા શખ્સો દ્વારા એક મહિલા ગાયક કલાકારને બિભત્સ વિડીયો મોકલી અને રોકડ રકમની ખંડણી માગતા જિલ્લા સાયબર સેલ પોલીસે આ ત્રણ આરોપીઓને ઝડપી લીધા છે.

આ સમગ્ર પ્રકરણની જાણવા મળતી વિગત મુજબ એક જાણીતા મહિલા ગાયક કલાકારને કોઈ અજાણ્યા મોબાઈલ નંબરધારક શખ્સો દ્વારા બિભત્સ વિડીયો મોકલી અને આ વિડીયો તેમનું હોવાનું જણાવી, રૂપિયા ૩૫,૦૦૦ ની ખંડણી માંગી હતી. આ રીતે માનસિક રીતે હેરાન પરેશાન કરી બિભત્સ ગાળો કાઢી, સમાજમાં બદનામ કરવાની ધમકી આપવા સબબ આ મહિલા ગાયક કલાકાર દ્વારા સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ધોરણસર ફરિયાદ નોંધાવવામાં આવી હતી.

આ પ્રકારના ગંભીર ગુનાઓને અનુલક્ષીને દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા આ સંદર્ભે તાકીદે પરિણામલક્ષી કામગીરી કરવા માટે સાયબર ક્રાઈમ વિભાગને સૂચનાઓ આપતા આને અનુલક્ષીને સાયબર ક્રાઈમ પોલીસે ખંભાળિયા તાલુકાના કુવાડીયા ગામે રહેતા વિશાલ રામભાઈ દેથરીયા (ઉ.વ. ૧૯) નામના વિદ્યાર્થી યુવાન તેમજ સામોર ગામના દિવ્યેશ રામભાઈ કરંગીયા (ઉ.વ. ૧૯) તથા કલ્યાણપુર તાલુકાના મોટા આસોટા ગામે રહેતા હેમત રણમલ કરંગીયા (ઉ.વ. ૧૯) નામના ત્રણ શખ્સોને તાકીદે ઝડપી લીધા હતા.

૧૨ ધોરણ સુધીનો અભ્યાસ કરી ચૂકેલા હેમત કરંગીયા ખેતી કામ કરે છે. જ્યારે વિશાલ દેથરીયા હાલ અમદાવાદ ખાતે બી.સી.એ.મા તેમજ દિવ્યેશ કરંગીયા પણ ખેત વ્યવસાય સાથે સંકળાયેલો છે. ઉપરોક્ત આરોપી વિશાલએ હેમતને બિભત્સ વિડીયો મોકલી અને હેમત કરંગીયાએ આ બિભત્સ વિડીયો વર્ચ્યુઅલ નંબર દ્વારા મહિલા કલાકારને વોટ્સએપ મારફતે મોકલ્યો હતો. આ વિડીયો તેમનો હોવાનું જણાવી, તેની પાસેથી રૂપિયા ૩૫,૦૦૦ ની ખંડણીની માંગણી કરી હતી. આ પૈસા તેના મિત્રના ગૂગલ પે એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું જણાવી અને જો તેઓ પૈસા નહીં આપે તો આ વિડીયો વાયરલ કરવાની ધમકી આપી, સમાજમાં કરવાની ધમકી આપી હોવાની કબુલાત આરોપીઓએ પોલીસ સમક્ષ કરી હતી.

પોલીસને આરોપીઓના મોબાઈલમાંથી બિભત્સ વિડીયો પણ મળી આવ્યો હતો. અગાઉ પણ આ પ્રકારે અન્ય એક ગુનામાં આરોપી આશિષ માવજીભાઈ ચાડ (ઉ.વ. ૨૨, રહે. માધાપર - ભુજ) તથા અશોક રણછોડભાઈ ડાંગર (ઉ.વ. ૨૧ રહે. ઉમેદપુર - ભુજ) ની પણ અટકાયત કરાઈ હતી. આ સમગ્ર પ્રકરણ અંગે સાયબર ક્રાઈમ પોલીસે આગળની કાર્યવાહી કરી હતી.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાતે બ્રાઝિલના રાજદૂત કેનેથ એચ. દા નોબ્રેગા






## ઓટો પાર્ટ્સ-એનર્જી-એગ્રીકલ્ચર સેક્ટરમાં ગુજરાત સાથે આગળ વધવાની તત્પરતા દર્શાવી બાયો ફ્યુઅલ અને બાયોગેસ સેક્ટરમાં બ્રાઝિલની તજજ્ઞતા અંગે પરસ્પર વિચાર-પરામર્શ

(પ્રતિનિધી દ્વારા)

ગાંધીનગર તા.૧૭

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની સૌજન્ય મુલાકાત બ્રાઝિલના રાજદૂત શ્રી કેનેથ એચ. દા નોબ્રેગા એ ગાંધીનગરમાં લીધી હતી.

આ સૌજન્ય મુલાકાત બેઠક દરમિયાન તેમણે ગુજરાત સાથે ઓટો પાર્ટ્સ, એનર્જી અને એગ્રીકલ્ચર સેક્ટરમાં સહયોગ સાધીને આગળ વધવાની તત્પરતા દર્શાવી હતી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગુજરાત ઓટો હબ તરીકે ખ્યાતિ પામેલું રાજય છે તે સંદર્ભમાં બ્રાઝિલના ઉદ્યોગકારો ગુજરાતમાં ઓટો પાર્ટ્સ ક્ષેત્રે રોકાણ માટે આવી શકે તેમ વાતચીત દરમિયાન જણાવ્યું હતું.

બ્રાઝિલના રાજદૂત કેનેથ એચ. દા નોબ્રેગાએ બેઠકની ચર્ચાઓમાં કહ્યું કે, બાયો ફ્યુઅલ ટેકનોલોજી તેમજ બાયોગેસ ક્ષેત્રમાં બ્રાઝિલ પાસે જે વિશેષતા છે તેને યોગ્ય પાર્ટનર મળે અને આ ક્ષેત્રોમાં પણ સહભાગીતાથી આગળ વધવાની તેમની ઉત્સુકતા છે. મુખ્યમંત્રી સાથેની આ સૌજન્ય મુલાકાત બેઠક દરમિયાન ચર્ચા-પરામર્શમાં એમ પણ જણાવવામાં આવ્યું હતું કે, બ્રાઝિલમાં ફાર્માસ્યુટિકલ ક્ષેત્ર ઉપરાંત આઈ.ટી અને એનર્જી સેકટરમાં પણ ભારત અને ગુજરાતની કેટલીક કંપનીઝ કાર્યરત છે. આ સૌજન્ય મુલાકાત બેઠકમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે. હૈદર તેમજ નવી દિલ્હીમાં બ્રાઝિલ એમ્બેસીના ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સેકટરના ફર્સ્ટ સેક્રેટરી શ્રી વેગનર સિલ્વા એ એન્ટુન્સ પણ સહભાગી ગયા હતા.

# શીલ ખાતે સગર્ભા આરોગ્ય તપાસણી કેમ્પ યોજાયો



(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા.૧૭

માંગરોળ તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર શીલ ખાતે તાલુકા હેલ્થ ઓફિસર શ્રી ડૉ. વિરલ વાઘેલાના માર્ગદર્શન હેઠળ અને ખીલખીલાટ ની ટીમના સહયોગથી ડૉ. સચિન કરમટા મેડિકલ ઓફિસર શીલ અને ટીમ શીલ દ્વારા સગર્ભા આરોગ્ય તપાસણીના મેગા કેમ્પ નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં સ્ત્રી રોગ નિષ્ણાંત દ્વારા આશરે ૧૨૫+ સગર્ભા ની આરોગ્ય તપાસણી કરવામાં આવી. જેમાં બીપી, ડાયાબિટીસ, વજન, ઉંચાઈ, બી એમ આઈ, **ANC PROFILE** તથા સગર્ભાના આયુષ્માન કાર્ડ કાઢવાની કામગીરી અને આવેલ તમામ સગર્ભામાતા ને ન્યુટ્રીશન કીટ નું વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સમગ્ર કેમ્પનું મેનેજમેન્ટ તથા સંચાલન ડૉ. હેતલબેન ડોડીયા, શીલ આરોગ્ય કેન્દ્રના સુપરવાઈઝર નરેન્દ્રભાઈ ચાવડા તથા હંસાબેન ઘોડાદ્રા દ્વારા ખુબ સરસ રીતે કરવામાં આવ્યું હતું.

# રામનવમી શોભાયાત્રાને લઈને દ્વારકા પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજાઈ





(પ્રતિનિધી દ્વારા) દ્વારકા તા.૧૭ : રામનવમીની શોભાયાત્રા ને લઈ અને દ્વારકા શહેરના વિવિધ વિસ્તારમાં પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી. દ્વારકા શહેરમાં રામનવમીની શોભાયાત્રા ના રૂટ ઉપર પોલીસ દ્વારા ફ્લેગ માર્ચ કરી અને સમીક્ષા કરવામાં આવી હતી. સાથે પોલીસ દ્વારા રૂટ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જિલ્લા એસ.પી.નીતીશ પાંડે ની ટીમ દ્વારા ફ્લેગ માર્ચ યોજવામાં આવી હતી.

# ઉનામાં રામનવમીની વિવિધ કાર્યક્રમો સાથે ભવ્ય ઉજવણી





(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૭

અયોધ્યામાં ૫૦૦ વરસ પછી સુંદર રામ જન્મ ભૂમિ મા ભવ્ય મંદિર મા શ્રી, રામ ભગવાન ની મૂર્તિ પ્રતિષ્ઠા પછી પ્રથમ વાર આવતી રામજન્મ જયંતિ ને ઊના શહેર અને તાલુકા ની શ્રી, રામ કૃષ્ણ જન્મ ઉત્સવ સમિતિ દ્વારા અનોખી રીતે અને ભવ્ય ઉજવણી કરવા સમિતિ ના આગેવાનો ભાવેશ ભાઈ સાખટ, નીપૂલ ભાઈ શાહ, રામજી ભાઈ પરમાર, યશવંત ભાઈ, મહેશ ભાઈ, અજય ભાઈ, ચિંતન ભાઈ, લાલજી ભાઈ અને મોટી સંખ્યામાં કાર્યકરો દ્વારા એક મહિના થી આખું ગામ અને તાલુકા ને ધજા પતાકા, કમાનો, રામ ભગવાન ના કટ આઉટ થી ભગવા રંગ થી રંગાઈ ગયું છે છેલ્લા છ દિવસ થી ઊના મા ત્રિકોણ બાગ સામે આવેલ રાવણા વાડી માં શ્રી, રામ કૃષ્ણ જન્મ ઉત્સવ સમિતિ દ્વારા એક ભવ્ય પ્રદર્શન ખુલ્લું મુકવા માં આવેલ હતું જેમાં શ્રી, રામ ભગવાન ના જીવન ચરિત્ર ઉપર બનવવા માં આવેલ અને અયોઘ્યા નું મંદિર ની આબેહૂબ કૃતિ તેમજ શ્રી, રામલ્લા ની મૂર્તિ તેમજ ૨૦થી વધુ કૃતિ ઓ થ્રીડી ઈફેક્ટ વાળા ફ્લોટ્સ પ્રદર્શન મા મૂકતા હજારો સનાતની ભકતો ઊમટી પ્રદર્શન જોઈ અને માણી રહિયા છે. આજે રામ જન્મ જયંતિ ના દિવસે ઊના ના પ્રાચીન રામજી મંદિર એ સવાર થી ઉત્સવ શરૂ થઈ જશે બપોર ના બાર કલાકે રામ જન્મ ઉત્સવ આરતી, અને ભકતો ને પંજરી અને પંચામૃત ની પ્રસાદી અપાશે. તેમજ બપોરના ૨-૩૦ વાગે ઊના શહેર ના ભક્તજનો દ્વારા પોતાના કામ ધંધા બંધ રાખી જોડાશે અને રામજી મંદિર એથી શ્રી, રામકૃષ્ણ જન્મ ઉત્સવ સમિતિ દ્વારા એક ભવ્ય શોભા યાત્રા શરૂ થશે પાલખી મા શ્રી, રામ ભગવાન ની મૂર્તિ મૂકી પૂજા આરતી કરવામાં આવશે ત્યાર બાદ ભવ્ય શોભા યાત્રા ઊના શહેર ના મુખ્ય મુખ્ય માર્ગે ફરશે અને વિવિધ જગ્યાએ વિવિધ સંસ્થાઓ દ્વારા શોભા યાત્રા નું સ્વાગત કરવામાં આવશે. આ શોભા યાત્રા મંદિરે પૂર્ણ કરવા મા આવશે.

# ઉનામાંથી બોગસ ચલણી નોટો સાથે એકને ઝડપી લેતી એસઓજી ગીર સોમનાથ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૧૭

ગીર સોમનાથ જિલ્લા ની એસ. ઓ.જી. બ્રાન્ચ ના પોલીસ ઈન્સ્પેકટર જે. એન ગઢવી અને પી. એસ.આઈ.વી.કે. ઝાલા ના માર્ગ દર્શન હેઠળ એ.એસ.આઈ. ઈબ્રહમિશા બાનવા, પોલીસ હેડ કોન્સ્ટેબલ હસમુખ ભાઈ ચાવડા પોલીસ કોન્સ્ટેબલ ધર્મેન્દ્રસિંહ ગોહિલ એલ સી બી બ્રાન્ચ ના પોલીસ હેડ કોન્સ્ટેબલ રાજુભાઈ ગઢીયા સહિત ના સ્ટાફ ઊના વિસ્તાર મા પેટ્રોલિંગ મા હતો ત્યારે એક સક્ષ શંકાસ્પદ હાલત મા જોવા મળતા તેને રોકી નામ પૂછતા તેમનું નામ હરેશ ધોળાભાઈ સોલંકી ઊં.વ.ઉપરે. ભવનાથ પોલીસ સ્ટેશન સામે જૂનાગઢ બતાવતા તેની અંગ ઝડતી લેવામાં આવતા તેમનું પાસે થી ભારતીય ચલણ ની ૫૦૦/ના દર ની નોટો નગ ૩૨કિંમત રૂપિયા ૧૬૦૦૦/ની મળી આવતા નોટ ની ખરાઈ કરતા બોગસ/જાલી નોટો જણાતા તેમની અટકાયત કરી હતી. ઊના પોલીસ સ્ટેશન મા ગુનો દાખલ કરી કાયદેસર ની કાર્યવાહી કરી હતી તેમજ આ યુવાન ઉપર અગાઉ જૂનાગઢ ના પોલીસ સ્ટેશન મા ત્રણ ગુના નોંધાઈ ચુક્યા છે અને આ ચલણી નોટો તેમને કોની પાસે થી કેટલી મેળવી હતી તેની તપાસ ઊના પોલીસ કરી રહી છે.

## ઉનામાં પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજાઈ

(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૧૭

ઉના શહેર ખાતે રામનવમી શોભાયાત્રા નીકળનાર હોય જે અનુસંધાને કાયદો અને વ્યવસ્થાના ભાગરૂપે જૂનાગઢ રેન્જ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાજડીયા તથા ગીર-સોમનાથ જિલ્લાના પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, ઉના ડીવિઝનના પો.અધિ. એફ.એમ.ચૌધરી, **SOG** તથા **LCB** ના અધિકારીઓ/ કર્મચારીઓ તથા ઉના પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એમ. એન. રાણા તથા અધિકારીઓ, કર્મચારીઓ, બંદોબસ્તમાં ફાળવેલ પોલીસ, **SRP**, હોમગાર્ડ, **GRD** જવાનો સાથે ઉના શહેરમાં રામનવમી શોભા યાત્રાના રૂટ ઉપર ફ્લેગ માર્ચ કરવામાં આવેલ.

# કલ્યાણપુર પંથકમાં કાર અને બાઈક વચ્ચે અકસ્માત : એક મૃત્યુ



(પ્રતિનિધી દ્વારા)

જામ ખંભાળિયા તા.૧૭

કલ્યાણપુર તાલુકાના લાંબા બાયપાસ નજીક ચઢતા પહોરે સર્જાયેલા એક અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ હતું. જ્યારે અન્ય એક વ્યક્તિને ઈજા થવા પામી હતી. આ અંગેની જાણવા માટે વિગત મુજબ કલ્યાણપુર નજીક આવેલા લાંબા ગામના બાયપાસ પાસે આજે મધ્યરાત્રીએ આશરે સાડા ત્રણેક વાગ્યાના સમયે એક મોટરસાયકલ અને એક ફોર વ્હીલર વચ્ચે ધડાકાભેર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં એક વ્યક્તિનું મૃત્યુ નિપજ્યું હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે અન્ય એક વ્યક્તિને ગંભીર ઈજાઓ થતા ઈમરજન્સી ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે પોરબંદરની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે.

## જૂનાગઢમાં ઝેરી દવા પી જતા મૃત્યું

જૂનાગઢ તા. ૧૭

જૂનાગઢના ધરાનગર વિસ્તારમાં રહેતા મનસુખભાઈ જીવાભાઈ મકવાણા (ઉ.વ.૩૬)એ કોઈ અગમ્ય કારણસર ઝેરી દવા પી જતા સારવાર દરમ્યાન તેનું મૃત્યું થયું છે. પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દ્વારકા ખાતે માધવપુર ઘેડ મેળા અંતર્ગત વિવાહ પ્રસંગ સ્વાગત કાર્યક્રમનું આયોજન



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા તા.૧૭

માધવપુર ઘેડ મેળાના આયોજન અંતર્ગત તા. ૨૧ ના રોજ માધવપુર ઘેડમાં ભગવાનના લગ્ન પ્રસંગ બાદ દ્વારકા ખાતે રિસેપ્શન સ્વાગત કાર્યક્રમ યોજાશે.

જે અંતર્ગત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિનો વિભાગ અને સ્થાનિક જિલ્લા વહીવટી તંત્રના સંકલનથી પ્રોટોકોલને ધ્યાનમાં રાખીને કાર્યક્રમનું આયોજન કરવામાં આવનાર છે.

અગ્ર સચિવ શ્રી (શહેરી વિકાસ તથા યુવા અને સાંસ્કૃતિક વિભાગ ) શ્રી અશ્વિનીકુમાર દ્વારા માધવપુર ઘેડ મહોત્સવ ૨૦૨૪ અંતર્ગત દ્વારકા ખાતે યોજાનાર રૂક્ષ્મણી વિવાહ કાર્યક્રમ ની પૂર્વતૈયારી ની સમીક્ષા બેઠક દ્વારકા સર્કિટ હાઉસ ખાતે કરવામા આવી હતી.

# મહાકવિ ન્હાનાલાલના દોહિત્રીના ત્રીજા પુસ્તકનું પ્રકાશન

અમદાવાદ તા.૧૭

મહાકવિ ન્હાનાલાલ દલપતરામ કવિના દોહિત્રી લેખિકા કાન્તાબેન પટેલના ત્રીજા પુસ્તક 'કાન્તાની ડાયરી-સ્વસ્થ જીવનની જડીબુટ્ટી'નું પ્રકાશન તા. ૨૧ એપ્રિલના રોજ થનાર છે. ૯૬ વર્ષનું દીર્ઘ આયુષ્ય ભોગવનાર કાન્તા પટેલના આ અગાઉ બે પુસ્તક 'વીણેલા ફૂલ' અને 'સ્મૃતિના સરોવર' પ્રકાશિત થયેલા છે.

પ્રભાકાન્ત પટેલ સંપાદિત 'કાન્તાની ડાયરી' પુસ્તકમાં ચિંતનાત્મક સંદેશ ઉપરાંત રોજબરોજના સ્વાસ્થ્યની માવજત માટે પ્રાચીન નિર્દોષ પ્રયોગ સાથે દીનચર્યા, ઋતુચર્યા અને જીવનચર્યા દરમિયાનમાં કુદરતી રચના અનુસારના પથ્યપાલન સંબંધી અનેકવિધ વિષયે માહિતી દર્શાવેલ છે. લેખક-વકતા ચંદ્ર ખત્રી લેખિકાના ત્રણેય પુસ્તકના વિષયની તુલના કરશે તેમજ માનવજીવનમાં લેખન-વાંચનની ભૂમિકાની અસર વિશે રજૂઆત કરશે.

ગુજરાતની લાયબ્રેરીઓમાં આ પુસ્તક ભેટ આપવાનું હોઈ જે તે ગામના લાયબ્રેરીયનને પોતાની લાયબ્રેરીનું નામ અને સરનામું ૯૮૫૧ ૫૦ ૯૮૫૧ ઉપર વ્હોટસએપથી વહેલાસર મોકલી આપવા જણાવાયું છે.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં આજે રામનવમીની ભકિતભાવ પૂર્વક ઉજવણી





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

ચૈત્રા સુદ-૯ એટલે કે 'રામનવમી'ના પાવનકારી અવસરની આજે જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. ઝાલર, નગારાના રણકાર અને શંખનાદ સાથે જય જય શ્રી રામનો નારો ગુંજી ઉઠયો છે. અયોધ્યમાં ભવ્ય રામમંદિર અને ભગયવાન શ્રી રામલલ્લાના રાજયાભીષેક પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો રૂડો અવસર સમગ્ર ભારતમાં મનાવવામાં આવ્યો હતો. ભાવિકોના આરાધ્ય ભગવાન શ્રી રામચંદ્રજીના નવનિર્મીત મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયા બાદ આ પ્રથમ રામનવમી એટલે કે ભગવાન શ્રી રામચંદ્રજીના પ્રાગટય દિન નિમિતે આજે ભારે ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે. આજે સમગ્ર દેશમાં હર્ષોઉલ્લાસ સાથે ભકિતભાવ પૂર્વક રામનવમીની ઉજવણી કરવામાં આવી રહી છે. આજે જૂનાગઢ શહેરમાં ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી રહી છે. ઉપરકોટ રોડ ઉપર આવેલા રામ મંદિરથી એક ભવ્ય

## ભગવાન રામલલ્લાની શહેરમાં નીકળશે શોભાયાત્રા : લોકોમાં ભારે ઉત્સાહ




શોભાયાત્રા આજે નીકળશે મોટી હવેલીના પૂ. પિયુષબાવાના હસ્તે પ્રસ્થાન કરાવાશે. આ તકે સંતો, અગ્રણીઓ, ભાવિકો ખાસ ઉપસ્થિત રહેશે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હરીઓમ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રામનવમી પર્વ પ્રસંગે શોભાયાત્રા સહિતના કાર્યક્રમનું આયોજન કરેલ છે. આ શોભાયાત્રા શહેરના રાજમાર્ગો ઉપર ફરીને જવાહર રોડ સ્થિતિ ચૈતન્ય બાલા હનુમાનજી મંદિરે સંપન્ન થશે. આ શોભાયાત્રામાં આકર્ષક ફલોટ ઝાંખી જોડાશે અને તેમને પુરસ્કાર પણ આપવામાં આવશે. શહેરમાં વાજતે-ગાજતે શોભાયાત્રા નીકળશે અને ઠેર-ઠેર સ્વાગત કરવામાં આવશે. ભગવાન શ્રી રામલલ્લા નગરચર્યાએ પધારતા હોય તેના દર્શન માટે ભાવિકો આતુર રહેશે. રામ લખન જાનકી જય બોલો હનુમાન કી અને રામ આયેંગે આયેંગે આયેંગેના ગીત ગુજારવ સાથે ભગવાન શ્રી રામચંદ્રજીનો જય જયકાર ગુંજી ઉઠશે. જૂનાગઢ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આજે રામનવમીની ભવ્ય ઉજવણી કરાશે. શોભાયાત્રા સહિતના કાર્યક્રમો યોજાશે. રામજી મંદિરોમાં અનેરી સજાવટ સાથે પૂજન, અર્ચન, આરતી સહિતના કાર્યક્રમો ભાવભેર યોજવામાં આવી રહ્યા અને લોકોમાં ભારે થનગનાટ જોવા મળી રહ્યો છે.

# રામનવમી પર્વની શાંતીપુર્ણ ઉજવણી માટે જૂનાગઢ શહેર જીલ્લામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત

### જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની અધ્યક્ષતામાં જૂનાગઢમાં ફુટ પેટ્રોલીંગ કરાયું : શોભાયાત્રા પ્રસ્થાન સ્થળની મુલાકાત લઈ આયોજકો સાથે ચર્ચા અને રામનવમીની શુભકામના પાઠવાઈ







(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેર અને જીલ્લામાં રામનવમી પર્વની ઉત્સાહભેર, ઉમંગભેર અને ભકિતભાવ પુર્વક આજે ઠેર-ઠેર ઉજવણી કરવામાં આવી રહી છે. જૂનાગઢમાં આજે બપોરના ભવ્ય શોભાયાત્રા યોજાનાર છે. રામનવમીનું પર્વ જૂનાગઢ શહેર અને જીલ્લામાં કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં શાંતીપુર્વ રીતે યોજાઈ તે માટે જૂનાગઢ શહેર અને જીલ્લામાં પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે અને તકેદારીના પગલા લેવામાં આવી રહ્યા છે. દરમ્યાન રામનવમી પર્વ પ્રસંગે ગઈકાલે જૂનાગઢ શહેરમાં જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતાની અધ્યક્ષતામાં ફુટ પેટ્રોલીંગ કરવામાં આવ્યું હતું. તેમજ કાયદો અને વ્યવસ્થાના પ્રશ્ને નિરીક્ષણ કરી તેમજ પોલીસ અધિકારીઓને જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી. આ ઉપરાંત જૂનાગઢમાં શોભાયાત્રાના પ્રસ્થાન સ્થળની મુલાકાત લઈ આયોજકો સાથે ચર્ચા કરી જરૂરી સુચનો આપેલ અને રામનવમી પર્વની શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

## તાપમાનનો પારો ૪૧ને પાર થતા જૂનાગઢ શહેર અગન ભઠ્ઠીમાં ફેરવાયું



**અવકાશમાંથી દિવસ દરમ્યાન અગન વર્ષાને પગલે સર્જાયેલા હિટવેવ જેવી સ્થિતિમાં જનજીવન પ્રભાવિત**

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૭

જૂનાગઢ શહેરના તાપમાનમાં ફરી પાછો વધારો થયો છે અને તાપમાનનો પારો ૪૧ ડીગ્રીને પાર પહોંચી જતા જૂનાગઢ શહેર અગન ભઠ્ઠીમાં ફેરવાયું છે અને જનજીવન પ્રભાવિત થયું છે. આકાશમાંથી થતી અગન વર્ષાને કારણે દિવસ દરમ્યાન સખ્ત તાપ વરસી રહ્યો છે. ઠંડક મેળવવાના તમામ ઉપાયો નિષ્ફળ જઈ રહ્યા છે.

ચૈત્ર માસની શરૂઆત સાથે જ જૂનાગઢ અને સોરઠ પંથકમાં ગરમીનું પણ આક્રમણ સતત વધી રહ્યું છે. દરમ્યાન રવિવારના કેટલાક વિસ્તારના વરસાદી છાંટણા થયા હતા પરંતુ ત્યારબાદ સખ્ત ગરમ લુ વરસી રહી છે અને સોમવારથી જ તાપમાનનો પારો સતત વધી રહ્યો છે ત્યારે જૂનાગઢ અને સોરઠ પંથકના લોકો હિટવેવ જેવી સ્થિતિમાં મુકાયા છે અને જેને લઈને જનજીવન પ્રભાવિત બની ગયું છે. રાત્રી પણ ગરમી લુ વરસે છે અને મોડી રાત્રી સુધી સખ્ત ગરમી વચ્ચે લોકો અકળાઈ રહ્યા છે. ગરમીના આ દિવસોમાં ઈલેકટ્રીક ઉપકરણનો ઉપયોગ વધ્યો છે પરંતુ ઠંડક મેળવવાના કરવામાં આવતા તમામ ઉપાયો પણ નિષ્ફળ જઈ રહ્યા છે અને ગરમીના માર વચ્ચે જનજીવન પ્રભાવિત બન્યું છે. આગામી દિવસોમાં સખ્ત તાપ વરસે અને એપ્રિલના અંતમાં હિટવેવ સર્જાશે તેવી પણ આગાહી થયેલી છે. ત્યારે હજુ પણ સખ્ત ગરમીનું સામનો લોકોને કરવો પડશે.

## વંથલીના કણજા ગામની સીમમાં ભેખડ માથે પડતા દબાઈ જવાથી મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૭

મુળ માંગરોળ તાલુકાના કરમદી ગામના અને હાલ કણજા ગામની સીમમાં રહેતા સંજયભાઈ બાબુભાઈ કરગઠીયા(ઉ.વ.૪૦) કણજા ગામની સીમમાં રાણાભાઈ ભુરાભાઈ ચાવડા આહિરની વાડીએ અંડરગ્રાઉન્ડ પાઈપલાઈન ફીટ કરવાનું કામ ખાડામાં કરતા હતા તે દરમ્યાન આકસ્મીક રીતે ખાડાની ભેખડ માથે પડતા તેઓ ભેખડની નીચે દબાઈ ગયા હતા અને જેના કારણે સંજયભાઈ બાબુભાઈનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે પોલીસને જાણ થતા વંથલી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.


**મોબાઈલ... મોબાઈલ..**
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
**શ્રી જલારામ ટેલીકોમ**
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

દર બુધવારે અને શનિવારે પ્રસિધ્ધ થાય છે

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક**
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦

આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
**ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર**
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦ થી ૧:૩૦, સાંજે ૫:૩૦ થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
**રાજ ડાયનીંગ હોલ**
સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
જૂનાગઢ શહેરના હદયસમાકાળવાચોકમાં
આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.
દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
**રાજ ડાયનીંગ હોલ**
કાળવા ચોક, જૂનાગઢ.

**સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો**

**ધીરૂભાઈ જે. સોની**
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

**ન્યુ બોમ્બે ઈલે.**
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૧ વર્ષથી પ્રખ્યાત નામ
**વિજય ઘી ડીપો**
ચૈત્ર નોરતા.. ચૈત્રી નોરતા માટે ખાસ ગાયનું ઘી તાજુ આવી ગયેલ છે. તેમજ ભેંસનું શુધ્ધ ઘી- લેબોરેટરી ટેસ્ટ તથા ગાયનું શુધ્ધ ઘી
**વિજય ઘી ડીપો**
ડબા રોડ, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

**પ્લોટ વેચાવ છે**
૨૧૨ વાર જગ્યા
કોર્નરનો પ્લોટ નં. ૩૫૪
રાયજીનગર, જૂનાગઢ
મો. ૯૪૨૬૨ ૨૪૦૯૪

**ઓફર...ઓફર...**
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
**બીના ઈલેક્ટ્રોનિક્સ**
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

**દિપક ફટાકડા સેન્ટર**
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
**દિપક ફટાકડા સેન્ટર**
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

વિનય એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો. ૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો. ૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાાવે, વારંવાર મન લલચાવે''
**: સુભાષ :**
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

પવિત્ર રમજાન માસ નિમિત્તે ગરમા ગરમ બ્રેડ, પાઉ તથા
**નારાયણ બેકરી**
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩
**વંદના બેકરી**
તળાવ સ્ટ્રીટ, જૂનાગઢ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
**જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર**
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ